અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23
સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના ૮ કિંમત છુટક નકલ રૂ.૩-૦૦
તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવાર


ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ

મતદાન અવશ્ય કરો

# અવધ ટાઇમ્સ


ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ચૈત્ર અમાસ વર્ષ : ૨૮ અંક ૨૨૭








## અમરેલી બેઠક ઉપર ૨૦૧૯ની ચૂંટણી કરતા સાડા પાંચ ટકા ઓછુ મતદાન થયું

# અમરેલી સંસદીય બેઠકમાં ૫૦.૦૭ ટકા મતદાન

### અમરેલીએ ધોમધખતા તાપમાં પણ લોકશાહીનું પર્વ ઉજવ્યું : બેઠકમાં સૌથી ઓછુ ૪૬.૮ ધારી અને સૌથી વધુ ૫૮.૨૨ ટકા મતદાન મહુવા વિધાનસભા બેઠકમાં નોંધાયું

### ૧૭,૩૨,૮૧૦ મતદારોમાંથી ૮,૬૭,૬૩૧ મતદારોએ મતદાન કર્યુ : સ્ત્રી મતદારોનું મતદાન પણ ઓછું નોંધાયું : મહુવાએ ગત ચૂંટણીમાં પણ સૌથી વધુ મતદાન કર્યુ હતું

અમરેલી,

અમરેલી લોકસભા મત વિસ્તારમાં કુલ ૮ ઉમેદવારો ચુંટણી જંગમાં હતા. જેમાં ચૌહાણ રવજીભાઇ મુળાભાઇ બસપા, જેનીબેન ઠુંમર કોંગ્રેસ, ભરતભાઇ મનુભાઇ સુતરીયા ભાજપ, પ્રિતેશભાઇ રાજેશભાઇ ચૌહાણ અપક્ષ, બાવકુભાઇ અમરૂભાઇ વાળા અપક્ષ, ભાવેશભાઇ જયંતિભાઇ રાંક અપક્ષ, વિક્રમભાઇ વિસાભાઇ સાંખટ ગ્લોબલ રિપબ્લીકન પાર્ટી, પુંજાભાઇ બાવભાઇ દાફડા અપક્ષ ચૂંટણી જંગમા હતા.આજે શાંતિમય રીતે ૫૦.૦૭ ટકા મતદાન થયું હતુ. બેઠકમાં સૌથી વધુ ૫૮.૨૨ ટકા ગારીયાધાર વિસ્તારમાં અને સૌથી ઓછુ ૪૬.૦૮ ટકા ધારી વિધાનસભા વિસ્તારમાં મતદાન થયુ હતુ. ધારી વિધાનસભા વિસ્તારમાં ૨૨૨૫૮૧ મતદારોમાંથી ૧૦૨૫૫૫ અને અમરેલી વિસ્તારમાં ૨૮૧૮૬૯ મતદારોમાંથી ૧૩૮૨૫૦ અને લાઠી વિસ્તારમાં ૨૨૬૧૯૬ મતદારોમાંથી ૧૧૧૯૬૭ તેમજ સાવરકુંડલા વિસ્તારમાં ૨૫૩૦૫૫ મતદારોમાંથી ૧૧૮૮૦૭ તથા રાજુલા વિસ્તારમાં ૨૭૬૫૧૭માંથી ૧૪૫ ૪૦૪ અને મહુવા વિસ્તારમાં ૨૪૫૮૪૨ મતદારોમાંથી ૧૪૩૧૨૬ તથા ગારીયાધાર વિસ્તારમાં ૨૨૬૭૫૦ મતદારોમાંથી ૧૦૭૫૪૨ મતદારોએ મતદાન કર્યુ હતુ. આમ ધારીમાં ૪૬.૦૮, અમરેલીમાં ૪૯.૦૪, લાઠીમાં ૪૯.૫૦, સાવરકુંડલામાં ૪૬.૯૫, રાજુલામાં ૫૨.૫૮, મહુવામાં ૫૮.૨૨, ગારીયાધારમાં ૪૭.૪૩ ટકા મતદાન સાંજના ૬ વાગ્યા સુધીમાં થયુ હતુ. અમરેલી લોકસભા મત વિસ્તારમાં કુલ ૮૯૫૬૬૬ પુરૂષો અને ૮૩૭૧૧૮ સ્ત્રીઓ તથા અન્ય ૨૬ મળીને કુલ ૧૭૩૨૮૧૦ મતદારો પૈકી ૪૮૨૪૮૭ પુરૂષો તથા ૩૮૫૧૩૪ સ્ત્રીઓ અન્ય ૧૦ મળી કુલ ૮૬૭૬૩૧ લોકોએ મતદાન કર્યુ હતુ. તે કુલ ૫૦.૦૭ ટકા થયાનું જણાવ્યું છે.



















## અમરેલી ચિતલ રોડ પર મોપેડ સાથે બાઈક અથડાયું

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) અમરેલી ચિતલ રોડ પર મણીનગર વિસ્તારમાં રહેતા વૃધ્ધ દેવપરબત અરજણપરબત ગોસાઈ ચિતલ રોડથી ફોરવર્ડ સર્કલ તરફ પોતાનું મોપેડ લઈને જતા હતા. તે દરમ્યાન પાછળથી કોઈ અજાણ્યા બાઈક ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી મોપેડ સાથે ભટકાવી ડાબા પગમાં ફેકચર કરી શરીરે છોલાણ કરી નાસી ગયાની પુત્ર બીપીન પરબત ગોસાઈએ અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદના લોઠપુરમાં યુવાન ઉપર હુમલો

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે ભરતભાઈ પાચાભાઈ ગુજરીયા ઉ.વ. ૩૨ ના ઘર પાસે મહેશ નનકાભાઈ લુણવરા ટ્રેકટરમાં ખાતર ભરતા હોય. ત્યાં ભરતભાઈના ઘરની પાણીની લાઈન તુટે નહી તેનું ધ્યાન રાખવાનું કહેતા સારૂ નહી લાગતા ત્રીકમ વડે મારમારી ઈજા કર્યાની જાફરાબાદ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.









મતદાન અવશ્ય કરો

# અવધ ટાઈમ્સ

ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ

## ઇલેક્શન - ૨૦૨૪

www.avadhtimes.net અમરેલી ૨ તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવાર




***ભાજપના વરિષ્ઠ નેતા અને ઇફકોના ચેરમેન***

# શ્રી દિલીપ સંઘાણીએ માદરે વતન માળીલા ખાતે સજોડે મતદાન કર્યુ

**માળીલાના ગ્રામજનો તથા જિલ્લા સંઘના ચેરમેન શ્રી મનીષ સંઘાણી પણ સાથે જોડાયા**



અમરેલી,(ફીલ્ડરિપોર્ટર) લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ભાજપના વરિષ્ઠ નેતા અને ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીએ પોતાના માદરે વતન માળીલા ખાતે પોતાના ધર્મપત્ની શ્રીમતી ગીતાબહેન સંઘાણી સાથે સજોડે મતદાન કર્યુ હતુ અને આ વેળાએ તેમની સાથે વતન માળીલાના ગ્રામજનો તથા જિલ્લા સંઘના ચેરમેન શ્રી મનીષ સંઘાણી પણ સાથે જોડાયા હતા.

***રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને***

# કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઇ રૂપાલાએ વતન ઇશ્વરીયા ખાતે સજોડે મતદાન કર્યુ

**માતુશ્રી અને ઇશ્વરીયા મહાદેવને પગે લાગી મતદાન કરતા શ્રી પરશોત્તમ રૂપાલા**



અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર)લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અમરેલીસહિતસમગ્રરાજ્યમાંમતદાન પ્રક્રિયા થઈ હતી તેમા રાજકોટ બેઠક ઉપરથીભાજપનાઉમેદવારતરીકેચૂંટણી લડી રહેલા ભારત સરકારના કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી ઉદ્યોગ મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ અમરેલી જિલ્લાના ઈશ્વરિયા, તેમના વતનખાતે શ્રીમતી સવિતાબહેન રૂપાલા સાથેસહપરિવાર મતદાન કરી, નાગરિક તરીકેની તેમની ફરજ નિભાવી હતી.અને ત્યાથી પોતાના મતક્ષેત્ર રાજકોટ જવા રવાના થયા હતા કેન્દ્રીય મંત્રીશ્રીની સાથે ઈશ્વરિયાના ગ્રામજનોએ પણ વાજતે ગાજતે મતદાન કર્યુ હતું.

***અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને***

# અમરેલી કલેકટર શ્રી અજય દહિયાએ કમાણી ફોરવર્ડ હાઇસ્કૂલે મતદાન કર્યુ

**ફોરવર્ડ હાઇસ્કુલે પર્યાવરણની થીમ પર તૈયાર કરાયેલા આદર્શ મતદાન મથકની મુલાકાત કરી**



અમરેલી,(ફીલ્ડરિપોર્ટર) અમરેલી લોકસભા મતવિસ્તારમાં મતદાન પ્રક્રિયા અંતર્ગત અમરેલીજિલ્લાચૂંટણીઅધિકારીશ્રીઅને જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાએ મતદાન કરી તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જિલ્લા કલેક્ટરશ્રીએ અમરેલી શહેરમાં આવેલા જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ ખાતેના મતદાન મથકના રુમ નં.૦૨ ખાતે મતદાન કર્યુ હતુ. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ, ફોરવર્ડ હાઈસ્કુલના પ્રાંગણમાં પર્યવારણની થીમ પર તૈયાર કરવામાં આવેલા આદર્શ મતદાન મથકની મુલાકાત લીધી હતી.

***રાષ્ટ્ર ધર્મ નિભાવી લોકશાહીના પર્વને ઉજવવા માટે***

# વધુ મતદાન માટે કેમ્પેઇન ચલાવનાર અવધ ટાઇમ્સના તંત્રી શ્રી ભરત ચૌહાણે મતદાન કર્યુ

**વધુને વધુ મતદાન થાય તેના માટે અવધ હેરીટેજમાં ૨૫ ટકા ડીસ્કાઉન્ટ અને અવધ ટાઇમ્સમાં સતત ૧૯ દિવસ સુધી દરેક પેઇજ ઉપર મતદાનની અપીલ પ્રસિધ્ધ કરી**




અમરેલી,(ફીલ્ડરિપોર્ટર) પોતાનો રાષ્ટ્ર ધર્મ નિભાવી લોકશાહીના પર્વને ઉજવવા માટે વધુ મતદાન માટે કેમ્પેઈન ચલાવનાર અવધ ટાઈમ્સના તંત્રી શ્રી ભરત ચૌહાણે આજે અમરેલી ખાતે મતદાન કર્યુ હતી તેમણે વધુને વધુ મતદાન થાય તેના માટે અવધ હેરીટેજમાં ૨૫ ટકા ડીસ્કાઉન્ટ અને અવધ ટાઈમ્સમાં સતત ૧૯ દિવસ સુધી દરેક પેઈઝ ઉપર મતદાનની અપીલ પ્રસિધ્ધ કરી અને લોકશાહીના પર્વને સાચા અર્થમાં ઉજવ્યું હતુ.

***અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ અને ભાજપના ઉમેદવાર***

# શ્રી ભરતભાઇ સુતરિયાએ લાઠીના જરખીયા ખાતે સજોડે મતદાન કર્યુ

**શ્રી ભરતભાઇ સુતરિયાએ લોકશાહીના ગૌરવ સમા પર્વને મતદાન કરી ઉજવ્યું**



અમરેલી,(ફીલ્ડરિપોર્ટર) લોકસભાની ચૂંટણીમાં અમરેલી બેઠક ઉપરના ભાજપના ઉમેદવાર અને અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરિયાએ સજોડે પોતાના વતન લાઠીના જરખીયા ગામે મતદાન કર્યુ હતુ.

વતન જરખીયા ખાતે શ્રી સુતરિયાએ માતુશ્રી અને વડીલોના આર્શિવાદ લીધા હતા અને લોકશાહીના ગૌરવપુર્ણ ઉત્સવને ઉજવ્યો હતો.

***જિલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ તથા કોંગ્રેસના ઉમેદવાર***

# શ્રી જેનીબેન ઠુંમરે કુંકાવાવના વાવડીમાં શ્રી વિરજીભાઇ ઠૂંમર સાથે મતદાન કર્યું

**વતન વાવડી રોડ ખાતે શ્રી જેનીબેન ઠુમ્મરે પિતાશ્રીના આર્શિવાદ લીધા**



અમરેલી,(ફીલ્ડરિપોર્ટર) લોકસભાની ચૂંટણીમાં અમરેલીસહિતસમગ્રરાજ્યમાંમતદાન કરાયું હતુ તેમા કોંગ્રેસના ઉમેદવાર અને અમરેલીજિલ્લાપંચાયતનાપુર્વપ્રમુખ શ્રી જેનીબેન ઠુંમરે પોતાના પિતા અને પુર્વ સાંસદ શ્રી વિરજીભાઈ ઠુંમર સાથે વતનમાં, અમરેલીના કુંકાવાવ તાલુકાના વાવડી રોડ મુકામે મતદાન કર્યુ હતુ.

વતન વાવડી રોડ ખાતે શ્રી જેનીબેન ઠુમ્મરે પિતાશ્રીના આર્શિવાદ લીધા હતા ત્યારે લાગણીસભર દ્રશ્ય સર્જાયા હતા. અમરેલીમાં નાગરિકો ઉત્સાહ સાથે મતદાન કરવા પોતાના મતદાન મથક સુધી પહોંચી રહ્યા છે. લોકશાહીના મહાપર્વ-ચૂંટણીમાં મતદાન કરવા આવતા મતદારોને પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જરુરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

***મતદાનમાં અમર ડેરીના ચેરમેનનો અનોખો દબદબો***

# અમરેલીના પ્રતાપપરામાં પરંપરાગત ઢબે મતદાન કરતા શ્રી અશ્વિન સાવલીયા

**સમસ્ત ગામ સાથે ઢોલનગારાની રમઝટ વચ્ચે મતદાન કરી ગામનું સો ટકા મતદાન કરાવ્યું**



અમરેલી,(ડેસ્કરિપોર્ટર) મતદાનમાં અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિન સાવલીયાએ અનોખા દબદબા સાથે અમરેલીના પ્રતાપપરામાં પરંપરાગત ઢબે મતદાન કર્યુ હતુ શ્રી અશ્વીન સાવલીયાએ સમસ્ત પ્રતાપપરા ગામ સાથે ઢોલનગારાની રમઝટ વચ્ચે મતદાન કરી ગામનું સો ટકા મતદાન કરાવ્યું હતુ.

***વાજતે ગાજતે ઢોલનગારા સાથે ગ્રામજનો સહિત***

# ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયાનું દેવરાજિયામાં મતદાન

**શ્રી કૌશિક વેકરિયાએ સપરિવાર પોતાના આદર્શ ગામ દેવરાજીયામાં મતદાન કર્યુ**



અમરેલી,(ફીલ્ડરિપોર્ટર) જિલ્લા ભાજપના પુર્વપ્રમુખ અને અમરેલી-વડિયા-કુંકાવાવના મતવિસ્તારના ધારાસભ્ય તથા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિક વેકરિયાએ પોતાના વતન આદર્શ ગામ દેવરાજીયામાં સહપરિવાર મતદાન કર્યુ હતુ. દેવરાજીયામાં ઢોલનગારા સાથે મતદાન કરવાના ઉત્સવમાં શ્રી કૌશિક વેકરિયા સાથે ગ્રામજનો પણ જોડાયા હતા.

# ગોઢાવદરનાં યુવાને પ્રથમ વખત મતદાન કર્યું



ગોઢાવદર,(ભરત હરખાણી) ગોઢાવદર માં દીવ્યેન ભરતભાઈ વિઝુડા એ પ્રાથમિક સ્કૂલ માં લોકશાહી પર્વની શાહી ઉજવણી માં પોતાનું પ્રથમ વખત મતદાન કર્યું



મતદાન અવશ્ય કરો

# અવધ ટાઈમ્સ

## ઇલેક્શાન - ૨૦૨૪

ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ

www.avadhtimes.net અમરેલી ૩ તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવાર




કલેક્ટરશ્રી અજય દહિયા, એસપીશ્રી હિમકરસિંહ, ડીડીઓ શ્રી પરિમલ પંડ્યા અને શ્રી સક્સેનાનાં ટીમવર્કથી શાંતિપુર્ણ મતદાન

# અમરેલીમાં આગેવાનો અને નાગરીકોએ મતદાન કર્યુ

**ભાજપનાં શ્રી ભરત સુતરીયા, કોંગ્રેસનાં શ્રી જેનીબેન ઠુંમર, શ્રી રૂપાલા, શ્રી દિલીપ સંઘાણી, શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી અશ્વિન સાવલીયા, શ્રી પરેશ ધાનાણી, શ્રી કૌશિક વેકરીયા, શ્રી જે.વી.કાકડીયા, શ્રી તળાવીયા, શ્રી હિરાભાઇ સોલંકી, શ્રી કસવાળાએ મતદાન કરી રાષ્ટ્રધર્મ નિભાવ્યો**








અમરેલી,

અમરેલી સંસદીય મત વિસ્તારમાંઆજેસવારથીજશાંતિમયરીતે ધીમુ મતદાન થયું હતું. અમરેલી લોકસભા બેઠકનાંદિગ્ગજઆગેવાનોઅનેઉમેદવારો સહિતે સહપરિવાર મતદાન કરી પોતાનો રાષ્ટ્રધર્મ નિભાવ્યો હતો. કોંગ્રેસનાં લોકસભાનાં ઉમેદવાર શ્રી જેનીબેન ઠુંમર અનેપુર્વસાંસદશ્રીવિરજીભાઇઠુંમરેવાવડી રોડગામેમતદાનકર્યુહતું. એજરીતેઇફકોનાં ચેરમેન અને પીઢ સહકારી આગેવાન શ્રી દિલીપ સંઘાણીએ તેમજ શ્રીમતી ગીતાબેન સંઘાણીએ માળીલા ખાતે મતદાન કર્યુહતું. વિધાનસભાનાં નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયાએસજોડેદેવરાજીયાખાતેમતદાન કર્યુહતું. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રાજેશભાઇ કાબરીયાએ અમરેલી વિવેક વિદ્યાલય ખાતે અને ભાજપનાં ઉમેદવાર શ્રી ભરતભાઇ સુતરીયાએ સજોડે ઝરખીયા ગામે મતદાન કર્યુ હતું. જ્યારે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતે ક્રાકચ ખાતે મતદાન કર્યુ હતું. સાંસદશ્રી નારણભાઇ કાછડીયાએ ચરખડીયામાં અનેધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાળાએ અમદાવાદનાં મણીનગર ખાતે અને ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકીએ જાફરાબાદ ખાતે કન્યાશાળામાં અને ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાએ ચલાલા પરા શાળા અને જનકભાઇ તળાવીયાએ લાઠીનાં કાચરડી પ્રા.શાળામાં તથા અમરડેરીનાં ચેરમેન અશ્વિનભાઇ સાવલીયાએ પ્રતાપપરા પ્રા.શાળામાં અને શ્રી મેહુલભાઇ ધોરાજીયાએ અમરેલીમાં, શ્રી ભુપેન્દ્રભાઇ બસીયાએ બાબરાનાં કરીયાણા ગામે, શ્રી પીઠાભાઇ નકુમ, શ્રી પુનાભાઇ ગજેરા, ધનસુખ ભંડેરી, મૌલિક ઉપાધ્યાય, કીલુભાઇ શુકલ, પરાગ ત્રિવેદી, પી.પી.સોજીત્રા, શૈલેષ પરમાર, શ્રી સન્ની ડાબસરા, શ્રીવિનુભાઇ ડાબસરા, શ્રીવિદુર ડાબસરા, શ્રી ભાવના ગોંડલીયા, બિપીન લીંબાણી, નરેશ અધ્યારૂ, એડવોકેટ બકુલ પંડ્યા, મૌલિક ઉપાધ્યાય, શ્રી શરદ લાખાણી, શ્રી શૈલેષ પરમાર, શ્રી અશ્વિનગીરી ગોસાઇ, શ્રી વિપુલ ભટ્ટી, શ્રી ડી.ડી.ધાધલ વડોદરાથી, શ્રી મહેશ યાજ્ઞીક રાજકોટથીએ વાસીયાળી પ્રા.શાળામાંમતદાનકરીરાષ્ટ્રધર્મબજાવ્યો હતો.

*ભાજપના રામબાણ જેવા પ્રદેશ પ્રવકતાએ ઉજવ્યું લોકશાહીનું પર્વ*

# વિજય વિશ્વાસ મત : ધારાસભ્ય શ્રી મહેશ કસવાળાનું સજોડે મતદાન

**અમદાવાદના મણીનગર ખાતે શ્રી કસવાળાએ મતદાન કરી રાષ્ટ્રધર્મ બજાવ્યો**



અમરેલી,(ફીલ્ડ રિર્પોટર)ભારતીય જનતા પાર્ટીના રામબાણ જેવા પ્રદેશ પ્રવકતા અને સાવરકુંડલા લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાળાએ અમદાવાદના મણીનગર ખાતે લોકસભાનીં ચૂંટણીમાં સજોડે મતદાન કરી અને રાષ્ટ્રધર્મ બજાવી લોકશાહીના પર્વને ઉજવ્યું હતુ.

**રાજકોટમા શારદા વિધાલય ખાતે અંધ મહિલા ગૃહની ૧૬ સભ્ય બહેનોએ મતદાન કરી ઉમદા ઉદાહરણ પૂરું પાડયું**

*રાજકોટ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને*

# પુર્વ વિપક્ષનાં નેતા શ્રી પરેશ ધાનાણીએ અમરેલી ખાતે સપરિવાર મતદાન કર્યુ

**અમરેલીના ગજેરાપરામાં શ્રી પરેશ ધાનાણીએ મતદાન કરી લોકશાહી પર્વ ઉજવ્યું**



અમરેલી,(ડેસ્ક રિર્પોટર)રાજકોટ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને પુર્વ વિપક્ષ નેતા તથા અમરેલીના પુર્વ ધારાસભ્ય શ્રી પરેશ ધાનાણીએ અમરેલી ખાતે સહપરિવાર મતદાન કર્યુ હતું હતુ તેમના લઘુબંધુ શ્રી શરદ ધાનાણી અને પરિવાર સાથે અમરેલીના ગજેરાપરામાં શ્રી પરેશ ધાનાણીએ મતદાન કરી લોકશાહી પર્વ ઉજવ્યું હતુ.

**રાજકોટમાં ૨૦ વર્ષ પહેલા ઇલેક્ટ્રિક શોકને કારણે બે હાથ ગુમાવનાર વ્યક્તિએ પગ વડે મતદાન કર્યું**


APM TERMINALS
Lifting Global Trade

ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસઃ પિપાવાવ પોર્ટ, મુકામ પોસ્ટ રામપરા-૨, વાયા રાજુલા
જિલ્લો અમરેલી ગુજરાત-૩૬૫૫૬૦, CIN: L63010GJ1992PLC018106
ટેલીફોનઃ ૦૨૭૯૪ ૨૪૨૪૦૦, ફેક્સઃ ૦૨૭૯૪ ૨૪૨૪૧૩
વેબસાઇટઃ www.pipavav.com , ઈમેલઃ investorrelationinppv@apmterminals.com

નોટિસ

સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫નાં નિયમન ૨૯ અન્વયે, અહીં નોટિસ આપવામાં આવે છે કે ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ ('કંપની')નાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની બેઠક બુધવાર, ૨૨ મે, ૨૦૨૪નાં રોજ અન્ય બાબતોની સાથે ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ પુરા થતાં ઓડિટેડ અલાયદા અને સંયુક્ત પરિણામોની વિચારણા માટે યોજાશે.

બેઠકની વિગતો કંપનીની વેબસાઇટ www.pipavav.com તથા સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ માટે
મનિષ અગ્નિહોત્રી
કંપની સેક્રેટરી

તારીખઃ ૬ મે, ૨૦૨૪
સ્થળઃ મુંબઈ



અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન

જય રામદેવ ટ્રાવેલ્સ

તદ્દન ન્યુ બ્રાન્ડ
A/C, NON A/C
બસ

નેસડીથી સુરત
તાતણીયાથી સુરત

ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL

ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત

ટાઇમ રાત્રે ૭,૮,૯

ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી

અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦

ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,

Online Booking : www.jayramdevtravels.com



National Programme for Control of Blindness & Visual ImpairmentRun by Government of India

રમાબેન અનિલભાઇ પારેખ પરિવાર - મુંબઇના આર્થિક સહયોગથી

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)
તથા
શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત
સુદર્શન નેત્રાલય-અમરેલી
ના સંયુકત ઉપક્રમે

વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ

-: તારીખ :-
૦૯-૦૫-૨૦૨૪
ગુરૂવાર

-: સ્થળ :-
લાયન્સ હોલ
પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ,
હોટલ લોર્ડસ ઇકો ઇનની સામે, અમરેલી.

-: સમય :-
બપોરે
૩:૦૦ થી ૫:૦૦

:: વધુ માહિતી માટે ::
નિલેશભાઇ ભીલ
મો. ૯૭૧૪૨ ૨૮૨૬૬

:: પ્રોજેકટ ચેરમેન ::
લા. વિનોદભાઇ આદ્રોજા | લા. જયેશભાઇ પંડયા મો.૯૮૯૮૦ ૫૨૫૮૧ | લા. સાહસ ઉપાધ્યાય

લા. બિમલભાઈ રામદેવપુત્રા
ખજાનચી

લા. કિશોરભાઈ શિરોયા
પ્રમુખ

લા. ઋજુલભાઈ ગોંડલીયા
સેક્રેટરી

નોંધ :-બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે

નોંધ :- દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) - પરિવાર



વી. કે. મોટર્સ

VK MOTORS
Giving you joy of Best Ride...

MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવાર

# મૂર્ખ નેપાળે રૂપિયા ૧૦૦ ની નોટમાં સરહદના નકશાની જે ચેષ્ટા કરી એમાં એ ફસાઈ ગયું છે

પાડોશીઓ હંમેશા સારું ચાહનારા હોતા નથી. સારા પાડોશી મળે તે ભાગ્યશાળી ગણાય છે. પણ ભારતના ભાગ્ય આકરા છે. દરેક પાડોશી વળ ખાય છે. અમથે અમથા કતરાય છે. નેપાળે નવી કરન્સી નોટો લાવીને વિવાદ સર્જ્યો છે. પડોશી દેશની નવી કરન્સીમાં ભારતના કેટલાક વિસ્તારો તેમાં તેના પોતાના પ્રદેશ તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ ચીનાઓએ નેપાળને લાગુ કરેલો રાજરોગ છે. નકશાઓમાં વિકૃતિ લાવીને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં તોડફોડ કરવી એ ચીનાઓનો પ્રાચીન ધંધો છે. હવે ચીનીની ઈશારે એક જમાનાનો મહાન હિન્દુ દેશ પણ એ જ રસ્તે ભેખડે ભરાયો છે. આ ઘટના પછી ભારત-નેપાળ બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે.

પરંતુ આ મનઘડંત નકશાઓ વાસ્તવિકતાને બદલી શકતી નથી. પાડોશી દેશ નેપાળ સાથેની સરહદ પરના કેટલાક વિસ્તારોને લઈને વિવાદ કોઈ નવી વાત નથી, પરંતુ નેપાળ સરકારે જે રીતે ૧૦૦ રૂપિયાની નવી નોટ પર નકશો છાપવાનો નિર્ણય લીધો છે જેમાં આ વિવાદિત વિસ્તારોને તેના દેશના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યા છે તે ખરેખર ચોંકાવનારી ઘટના છે.

નેપાળ એ ભારતના નજીકના પડોશી દેશોમાંથી એક છે. તેની ૧૮૫૦ કિલોમીટરથી વધુ લાંબી સરહદ ભારતના પાંચ રાજ્યો સાથે જોડાયેલી છે. બંને દેશો વચ્ચેના સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો પણ ઊંડા મૂળ ધરાવે છે. આમ છતાં છેલ્લા કેટલાક સમયથી બંને દેશોના સંબંધોમાં નોંધપાત્ર ઉતાર-ચઢાવ આવી રહ્યા છે. ચાર વર્ષ પહેલા બંને દેશો વચ્ચે આ મુદ્દો ખૂબ જ ગરમ બન્યો હતો. વર્ષ ૨૦૨૦માં, જ્યારે તત્કાલીન કેપી ઓલી સરકારે દેશના નકશાને અપડેટ કર્યો હતો.

ત્યારે ત્રણ વિસ્તારો - લિપુલેખ, લિપિયાધુરા અને કાલાપાની - નેપાળના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ભારતે ગત ૮ મે ૨૦૨૦ ના રોજ લિપુલેખ થઈને માનસરોવર તરફ જતા રસ્તાનું ઉદઘાટન કર્યું ત્યારે મામલો વધુ ભડકી ગયો. નેપાળે એનો સખત વાંધો ઉઠાવ્યો હતો, જ્યારે ઉત્તરાખંડના પિથોરાગઢમાંથી પસાર થતો આ રસ્તો સંપૂર્ણપણે ભારતીય ક્ષેત્રમાં આવે છે.

તે સમયે, નેપાળ સરકારે નકશામાં ફેરફારને વધુ મજબૂત બનાવવા માટે બંધારણ સંશોધન બિલ પણ તેની તરફેણમાં પસાર કર્યું હતું. મામલો એટલો વધી ગયો કે બંને દેશો વચ્ચેનો સંપર્ક અસ્થાયી રૂપે બંધ થઈ ગયો. પરંતુ આવા વિવાદો આ પ્રકારના વાતાવરણમાં ઉકેલી શકાતા નથી. ટૂંક સમયમાં જ બંને પક્ષોએ આનો અહેસાસ કર્યો અને એક સામાન્ય પ્લેટફોર્મ પર વાતચીત દ્વારા ધીમે ધીમે આ મુદ્દાને ઉકેલવા સંમત થયા.

આ પ્રક્રિયા સતત ચાલુ છે. આવી સ્થિતિમાં અચાનક અને એકતરફી લેવાયેલા કરન્સી નોટો પરના નકશા અંગેનો આ નિર્ણય સ્વાભાવિક રીતે જ ચોંકાવનારો છે. આ પ્રકરણ દ્વારા ચીને આખા એશિયાને પરોક્ષ રીતે જાણ કરી દીધી છે કે નેપાળ એના ઈશારે નાચે છે અને બેજિંગમાંથી જે હુકમ થાય એની અમલવારી કાઠમંડુમાં થાય છે. નેપાળનું પોતાનું સ્વાયત્ત કોઈ અસ્તિત્વ નથી.

નોંધનીય છે કે નોટો પર નકશો છાપવાના નિર્ણય પર નેપાળમાં પણ સવાલો ઉઠી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે દેશના ચલણ પર એવા વિસ્તારો છાપવાનો નિર્ણય કે જેના પર નેપાળના દાવાને આંતરરાષ્ટ્રીય માન્યતા મળી નથી, તે ઉતાવળભર્યું સાબિત થઈ શકે છે. જો કે, જ્યાં સુધી સરહદી મતભેદોનો સવાલ છે, ભારતે સ્પષ્ટ કર્યું છે કે આવી એકપક્ષીય કાર્યવાહીથી જમીની વાસ્તવિકતા બદલાશે નહીં.

શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે બંને દેશો દ્વારા પરસ્પર સંમતિથી નક્કી કરાયેલા આ વિવાદના સમાધાનની પ્રક્રિયાને આગળ વધારવી અને સર્વસંમતિ સુધી પહોંચવું.
ખરેખર તો ભારતે આ અંગેની કોઈ મિટિંગ નેપાળ સાથે કરવી જરૂરી નથી. કારણ કે ભારતના સાર્વભૌમત્વને પડકારે એવી એની કરન્સી સ્વયં ભારતનું અપમાન છે અને સરહદમાં છેડછાડ યુદ્ધ વિના થાળે ન પડે. ભારતનો શાંત સ્વભાવ અહીં પણ નડે છે.

ચીન એના ભૌગોલિક એજન્ડામાં સતત આગળ વધે છે. ભારતના શક્ય એટલા વધુ સીમા પ્રદેશોને ગળી જવાની પ્રવૃત્તિ જેને સતત ચાલુ રાખી છે જ્યારે નેપાળમાં પોતાની કઠપૂતળીઓ ગોઠવી દીધી છે ત્યારથી એ કાર્યક્રમ તો નક્કી જ છે કે નેપાળની સરહદે પણ ભારતે નવા અનેક સીમા વિવાદોનો સામનો કરવો પડશે. નેપાળમાં ચીનનો વિરોધ કરનારાઓ સતત શહીદ થઈ રહ્યા છે. હજારો લોકો એમના પરિવારથી લાપતા છે.

નેપાળ એક નાનકડું બચ્ચું છે. વળી એના નેતાઓમાં બૌદ્ધિક સમજણનો દુષ્કાળ છે. નાના સરહદ વિવાદોમાં ભારત કંઈ સીધું યુદ્ધ કરે નહિ. ભારતની આ નીતિ હવે ખુદ ભારતને નડે છે. ખરેખર તો ભારત જેવો વિરાટ દેશ હોય એ જ નાના પાડોશી દેશોની જમીન દબાવતો હોય. પણ અહીં તો અવળી ગંગા વહે છે. શેરીના ભસતા કૂતરાઓ હાથીના પગ નીચેની જમીન આંચકી લેવા ચાહે છે. જે હાલત આજે તિબેટની થઈ છે એ જ દશા આવતીકાલે નેપાળની થવી નિશ્ચિત છે. ભવિષ્યના અખિલ ચીન કે બૃહદ ચીનના નકશામાં તિબેટ અને નેપાળ ચીનના માત્ર એક પ્રાંત હશે. જ્યારથી નેપાળમાં રાજાશાહી ખત્મ થઈ અને લોકશાહીની સ્થાપના થઈ ત્યારથી ચીનાઓએ આરંભેલી કૂચ આજે આખા નેપાળમાં છાને પગલે એટલી છવાઈ ગઈ છે કે ખરેખર નેપાળી પ્રજાએ એનો દેશ ગુમાવી દીધો છે.

# અંબાજીમાં મતદાનના દિવસે બપોરના સમયે વરસાદ વરસ્યો

(જી.એન.એસ) દાંતા, યાત્રાધામ અંબાજીમાં ભરગરમીમાં મતદાન કરવા ક્યાં જવું તેવી ભક્તોની પોકાર સાંભળી લેતા હોય તે મા અંબાજીના ધામમાં ભરબપોરે ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સરક્યુલેશનની અસર હેઠળ ભરઉનાળ અંબાજી અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદ પડ્યો હોવાનું વૈજ્ઞાનિકો જણાવી રહ્યા છે જો કે ધીમી ધારે પડેલા વરસાદના લીધે ખેડૂત વર્ગમાં નુકસાન થવાની ચિંતા છે. બીજી બાજુએ મતદાન કરવા જનારાઓએ રાહત અનુભવી છે. હવામાન જાણકાર અંબાલાલ પટેલ અને હવામાન વિભાગે ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરી હતી. યાત્રાધામ અંબાજી પંથકમાં ગાજવીજ સાથે ધીમી ધારે વરસાદ તૂટી પડ્યો હતો. અંબાજી ઉપરાંત દાહોદ પંથકમાં પણ ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે. કેટલાક વિસ્તારોમાં વાતાવરણ સવારથી જ વાદળછાયુ હતુ. વાદળછાયા વાતવરણના લીધે ગરમીનો પારો થોડો ઘટ્યો હોવાનો અનુભવ થયો હતો.

# બગસરામાં લોકશાહીનુ પર્વ ઉજવતા નાગરિકો

## સંતો મહંતો અને વિવિધ ક્ષેત્રનાં રાજકીય આગેવાનોએ મતદાન કર્યુ



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા શહેરમા આજરોજ ૧૪ લોકસભાની ચૂંટણીનુ મતદાન યોજાઈ રહ્યુ છે ત્યારે બગસરા શહેરના નાગરિકો અને રાજકીય આગેવાનોએ આજરોજ લોકશાહી પર્વની ઉજવણી કરવામાં આવેલ હતી જેમા બગસરા શહેરના સંતો અને મહંતો તેમજ બગસરા પાલિકાના પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયા એ.વી.રિબડીયા તેમજ બગસરા પાલિકાના પૂર્વ પ્રમુખ કુસુમ્બેન ડોડીયા અને રશ્વિનભાઈ ડોડીયા અને રંજનબેન ગોહિલ અને રમેશભાઈ ગોહિલ રાજુભાઈ ગીડા ડો.રાદડીયા સાહેબ સહિતના આગેવાનોએ અને નાગરિકોએ મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરવામા આવેલ હતી.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૮.૫.૨૦૨૪ બુધવાર, સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ અમાસ, ભરણી નક્ષત્ર, સૌભાગ્ય યોગ, કિંસ્તુઘ્ન કરણ આજે સાંજે ૭.૦૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) ત્યારબાદ વૃષભ (બ,વ,ઉ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આગળ વધવાની તક મળે, કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.
વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે, ખર્ચ પર અંકુશ રાખવો, થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.
મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.
સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે.
કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય, મન નું ધાર્યું ના થાય, દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય.
વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી, જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે.
ધન (ધ,ભ,ફ,ઢ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્ર થી મુલાકાત થાય, મનની વાત વ્યક્તિ કરી શકો.
મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય, વિચારોમાં હકારાત્મકતા આવે, દિવસ આનંદ માં વીતે.
કુંભ (ગ,સ,શ) : નવા કાર્યમાં આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ) : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો, દિવસ શુભ રહે, ભૂતકાળમાં થી પાઠ લેવો જરૂરી બને છે.

# ખાંભાના જીવાપરામાં ગ્રામપંચાયતની મોટરનો વાયર ચોરતા એક ઝડપાયો

## રૂા.૪૯૫૦ ની કિંમતના વાયર સાથે ઝડપી લીધો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ખાંભા તાલુકાના જીવાપર ગ્રામપંચાયતની કુવામાં નાખેલ પાણીની મોટરનો સર્વિસ વાયર ૫૫ મીટર રૂ/.૪૯૫૦ ની કિંમતનો સમઢીયાળા -૨ ગામના માનસિંગ ખીમાભાઈ વરૂ ચોરી કરી ગુચળું વાળી લઈ જતા મહેશભાઈ શામજીભાઈ હીરપરા અને ગામના લોકોએ પકડી પાડી પોલિસમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

# સાવરકુંડલાના મેરીયાણા ગામે યુવાન ઉપર હુમલો

## સાત શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે તા. ૬-૫ ના રાત્રિના અલ્પેશભાઈ મનસુખભાઈ ખાતરાણી ઉ.વ. ૩૮ ની ભત્રીજીને સુધીર જયસુખભાઈ વાઘેલા ફોન કરતો હોય. જેથી ઠપકો આપતા સારૂ નહી લાગતા એક સંપ કરી સુધીર જસુભાઈ વાઘેલા, રાહુલ દેવશીભાઈ ડાભી, રવિ ભીખાભાઈ રામાણી, મનોજ મગનભાઈ ચૌહાણ, વિક્રમ કરશનભાઈ મકવાણા રહે. કુંભણ, તથા ઘનશ્યામ મકવાણા રહે. રાજુલા, રામકુ ગભરૂભાઈ મોભ રહે, સાંગણીયા તા. મહુવાવાળાએ મેરીયાણા ખેતીવાડી ગોડાઉન પાસે સમાધાનના બહાને બોલાવી અલ્પેશભાઈ તેમજ જીતેન્દ્રભાઈને ગાળો બોલી ગડદાપાટુંનો મારમારી છરી બતાવી ધમકી આપ્યાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દિયરે ભાભી ઉપર ચારીત્ર્ય અંગે શંકા કરી

# રાજુલાના નવી માંડરડીમાં મહિલા ઉપર હુમલો

## દિયરે ભાભીને કોષ વડે મારમારી ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, રાજુલા તાલુકાના નવી માંડરડી ગામે રહેતી શારદાબેદ બાલુભાઈ ઝીંઝાળા ઉ.વ. ૩૭ તથા તેમના જેઠાણી સવિતાબેન મરણના કામે ગામમાં જતા હતા. ત્યારે તા. ૫-૫ ના સાંજના દિયર આતુ બચુભાઈ ઝીંઝાળાએ શારદાબેનને કહેલ કે તું તારા મામા ફઈનાઓ સાથે ફોટા પાડે તે તેમ કહી ચારીત્ર્ય અંગે ચર્ચા કરતા દિયરને સમજાવવા જતા આતુ બચુભાઈ ઝીંઝાળાએ ગાળો બોલી કોષ લઈ આવી શારદાબેનને શરીરે, હાથે પગે અને પેટના ભાગે મારમારી ઈજાઓ કરી ધમકી આપ્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટમાં ઓનલાઇન વોટનાં નામે રૂપિયા ૧.૬૨ લાખની ઠગાઇ

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાજકોટ,
ઓનલાઈન ટાસ્ક પૂરા કરવાના નામે હાર્દિક પ્રભાતભાઈ હેરભા (રહે. રેલનગર) સાથે ઓનલાઈન ફ્રોડ થયું હુ.ા. જેમાંથી તેને સાયબર ક્રાઈમ પોલીસે રૂા. ૧.૨૨ લાખ કોર્ટમાં પ્રોસેસ કરી પરત અપાવ્યા હતાં. ઓનલાઈન રોકાણ કરી વધુ વળતર અપાવવાના નામે એક અરજદાર સાથે ૧.૦૩ લાખનું ફ્રોડ થયું હતું. જેમાંથી તેને રૂા. ૫૬ હજાર પરત અપાવાયા હતા. સોશિયલ મીડિયા મારફત ખરીદેલા ફોનના પૈસા પરત અપાવી દેવાના બહાને એક સાથે રૂા. ૨.૪૩ લાખની ઠગાઈ હતી. જેમાંથી રૂા. ૧.૮૨ લાખ પરત અપાવાયા હતા. ઈનામમાં કાર લાગી છે તેવા મેસેજ કરી કાર અગર તો રોકડ મેળવવાના નામે એક અરજદાર સાથે રૂા. ૯૯૫૦૦નું ફ્રોડ થયું હતું. જેમાંથી ૫૦ હજાર પરત અપાવાયા હતા. આ જ રીતે ઓનલાઈન વોટ કરી બોનસ મેળવવાની એક અરજદારને ફસાવી રૂા. ૧.૮૪ લાખનું ફ્રોડ કરાયું હતું. જેમાંથી રૂા. ૧.૬૨ લાખ પરત અપાવાયા હતા.

# મોટા દેવળીયા અને જાબાળ કોટડાપીઠામાં રાષ્ટ્રીય મેલેરીયા દિવસની ઉજવણી કરાઇ



અમરેલી,
ગુજરાત સરકાર દ્વારા તા. ૨૫-૪-૨૪ ના વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી પ્રસંગે મોટા દેવળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તળેના ૧૯ ગામોના અંદાજીત ૬૦૦૦ ઘરોમાં સઘન સર્વેન્સ કામગીરી કરી ઘરોમાં ખુલ્લા પાત્રો જોવા મળે ત્યાં એબેટ દ્વારા મચ્છરના પુરાનું નાશ કરવામાં આવેલ. ખુલ્લા પાત્રો જોવા મળે ત્યાં ગપ્પી ફીશ મુકવામાં આવેલ. તેના ફાયદા વિશે ગ્રામજનોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. ઉપરોકત કામગીરી તાલુકા હેલ્થ ઓફીસર ડો. આર.આર. મકવાણા, પ્રા.આ. કેન્દ્રના મેડીકલ ઓફીસર ડો. મીહીર મહેતા, ડો. એ.પી. ઠાકર, સુપરવાઈઝર રૂપેશભાઈ રાજાના માર્ગદર્શન હેઠળ તમામ મ.પ.હે.ફી.હે.વ., આશાફેસી, આશા બહેનો દ્વારા કામગીરી કરવામાં આવી હતી. તેજ રીતે બાઢડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ્યમાન મંદિર જાબાળમાં વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરાયેલ. જેમાં બાઢડા મેડીકલ ઓફીસર, રિધ્ધિ મેડમ, અલ્પા મેડમ, સુપરવાઈઝર ભરતભાઈ ગોસ્વામી, તથા જાબાળ આરોગ્ય મંદિરના આરોગ્ય સ્ટાફ ચંદ્રકાંતભાઈ બગડા, વસંતબેન ગીડા, તેમજ આશા બહેનો ઉપસ્થિત રહયા હતા. અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર અમરેલી-૨ ના વિસ્તારમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોશી, ડો. આર.કે. જાટ, ડો. એ.કે. સિંગ, ડો. સાલવી તેમજ તાલુકા હેલ્થ ઓફીસર ડો. આર.કે. સિંન્હાના માર્ગદર્શન હેઠળ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર અમરેલી-૨ ના મેડીકલ ઓફીસર ડો. કોમલબેન ડાભી, સુપરવાઈઝર નવનીત માઘડના માર્ગદર્શન નીચે અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર અમરેલી-૨ ના તમામ વિસ્તારોમાં એમ.પી.એચ. ડબલ્યુ. એફ.એચ. ડબલ્યુ તથા આશાબહેનો દ્વારા રાષ્ટ્રીય મેલેરીયા દિવસ અંતર્ગત અલગ અલગ પ્રવૃતિઓ કરવામાં આવેલ. જેમાં હાઉસ ટુ હાઉસ સર્વે, ડીસ્કા કન્ટેનર, આઈ.ઈ.સી. પ્રથામિક શાળાના બાળકોને રાષ્ટ્રીય વાહક જન્ય રોગ વિશે સમજાવેલ. આ પ્રસંગે ડો. રાજુભાઈ કથીરીયા, આર.બી.એસ.કે. એમ.ઓ. તમામ સ્ટાફ, એમ.પી.એચ. ડબલ્યુ, એફ.એચ. ડબલ્યુ આશાબહેનો તથા તમામ કામગીરી મેડીકલ ઓફીસર ડો. કોમલબેન ડાભીની નીચે કરવામાં આવી હતી. કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૨૫ એપ્રિલ વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મેલેરીયા રોગ અટકાવવા ગુરૂ શીબીર, પત્રિકા વિતરણ, રેલી સ્વરૂપે જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મેલેરીયાને અટકાવવા વિવિધ કામગીરી કરવામાં આવી હતી.

# અમરેલીમાં સ્વામિનારાયણ મુખ્ય મંદિર દ્વારા છાશ વિતરણનો પ્રારંભ



અમરેલી, અમરેલી પાણી દરવાજા સ્વામિનારાયાણ મુખ્ય મંદિર દ્વારા પુ. ભકિત સંભવદાસજી સ્વામિની પ્રેરણાથી મંદિરના કોઠારી ગોપાલમુનિદાસજી સ્વામિ, પુ. શુક સ્વામિ, હરીસ્વરૂપ સ્વામી, તથા રાજેશભાઈ માંગરોળીયાની ઉપસ્થિતિમાં વિનામુલ્યે છાશ વિતરણ શરૂ કરવામાં આવેલ. પુ. કો. સ્વામિ શ્રીગોપાલમુનીદાસજીના માર્ગદર્શન હેઠળ ચાલતા સામાજીક સેવા કાર્યનો ઘણા બધા સજજનો લાભ લઈ રહયા છે. અને આ છાશ વિતરણ એક મહિના સુધી સવારના ૭:૩૦ કલાકથી વિતરણ કરાશે.

## પોલીસના પેટ્રોલીંગ દરમિયાન

# અમરેલીનાં લાઠી રોડ ચોકડી નજીક ગેરકાયદેસર પશુની હેરાફેરી કરતા ટ્રક સાથે બે શખ્સો ઝડપાયા

## પોલીસે નવ ભેંસ અને ટ્રક મળી રૂા.૭,૧૫,૦૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી તાલુકાના લાઠી રોડ ચોકડી પાસે તા. ૫-૫ ના મોડી રાત્રિના ટ્રક જી.જે. ૧૪ ડબલ્યુ ૧૯૪૩માં અમરેલીના રફીક હબીબીભાઈ ખોરાણી, અફઝલ ઈસ્માઈલભાઈ ખોરાણીએ કૂરતાપુર્વક બાંધી ખીચોખીચ ભરી પાણી કે ઘાસચારાની સગવડતા ન કરી કતલખાને ધકેલવાના ઈરાદે ૯ ભેંસોને ટ્રકમાં ભરી નીકળતા પો .કોન્સ. દેવાયતભાઈ ભેડાએ ભેંસો અને ટ્રક મળી રૂ/.૭,૧૫,૦૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# રાજુલામાં શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ યોજાયો

## આહિર સમાજની વાડી ખાતે મુરલીધર મહિલા મંડળનું આયોજન



રાજુલા, લોકોને ધર્મ પ્રત્યે આસ્થા જળવાઈ રહે અને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા ઉતમ હેતુ સાથે રાજુલા આહિર સમાજની વાડી ખાતે મુરલીધર મહિલા મંડળ દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં ડો. સ્વામી વિમલાનંદજી મહારાજ દ્વારા વ્યાસપીઠ પર બિરાજી પોતાની સુમધુર વાણીથી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવેલ. તારીખ ૦૯ થી ૧૫ એપ્રિલ દરમિયાન યોજાયેલ શ્રીમદ ભાગવત કથામાં બપોરના સમય દરમિયાન આહિર સમાજની વાડી ખાતે હાજર શ્રોતાઓને ડો. સ્વામી વિમલાનંદજી દ્વારા વિવિધ પાત્રો જેવા કે સમુન્દ્ર મંથન, વામન અવતાર, કૃષ્ણ જન્મોત્સવ, સુદામા ચરિત્ર, રાસ લીલા અને બાળ સ્વરૂપ વિગેરે વિશે સાદી અને સરળ ભાષામાં કથાનું રસપાન કરાવી ભક્તિનો સાચા અર્થમાં મહિમા સમજાવેલ તેમજ કથા દરમિયાન યાદવ યુવા ગ્રુપના પ્રમુખ લાલજીભાઈ જીંજાળા, મનુભાઈ જીંજાળા, બળુભાઈ મકવાણા અને હિંમતભાઈ નકુમ સહિતના કાર્યકરો દ્વારા ખડેપગે હાજર રહી તન મન અને ધનથી સેવાનો લાભ આપતા સંતોનો રાજીપો મેળવેલ. સામાજિક અને રાજકીય આગેવાનો તેમજ લોકોની હાજરીમાં કથામાં નામી અનામી કલાકારો દ્વારા સાંજમાં સમયે હનુમાન ચાલીસા અને સંતવાણીનો લાભ આપતા હાજર શ્રોતાઓ દ્વારા તેમને વધાવી લઈ સુંદર રીતે સાતમા દિવસે ભાગવત કથા પૂર્ણ થતા મુરલીધર મહિલા મંડળ દ્વારા તમામનો આભાર વ્યક્ત કરવામાં આવેલ જે લાલજીભાઈ જીંજાળાની યાદીમાં જણાવેલછે.

# સુરતમાં લીલીયા મોટા ગામ પરીવારનો પાંચમો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

## સુરત સ્થિત લીલીયા ગામના તમામ જ્ઞાતિના પરીવારોની ઉપસ્થિતિ



લીલીયા, (અશોકવિરાણી)
સુરતમાં ભડીયાદરા ફાર્મ ખાતે લીલીયા મોટા ગામના તમામ જ્ઞાતિના સુરત સ્થિત પરીવારનો તા. ૫/૫ના સાંજના ૫ કલાકે ૫ મો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વડીલ ભાઈ બહેનો દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. ત્યારબાદ સ્નેહમિલન કમીટી સભ્ય દ્વારા શાબ્દિક સ્વાગત કરી સર્વેને આવકાર્યા હતા. તેમજ મંચસ્થ મહેમાનોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરાયું હતું. ઉપસ્થિત પરીવારોના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક તથા શિક્ષણાત્મક કાર્યક્રમો રજુ કરાયા હતા. અને ભાગ લેનાર બાળકોને પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા. ડો વિસાણી દ્વારા વ્યસનમુકિત તથા પરીવારોમાં ઉભી થઈ રહેલ વિવિધ મુશ્કેલીઓ તથા શિક્ષણ વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સુરત સ્થિત અભ્યાસ કરતા ધો-૧ થી ૧૨ ના વિધાર્થીઓને પુસ્તક વિતરણ કરવામાં આવેલ. તેમજ આ સ્નેહમિલન કાર્યક્રમમાં સ્નેહ કમીટી દ્વારા એક વોટસએપ નંબર આપી લીલીયાના કોઈપણ પરીવારને મુશ્કેલી સમયે જાણ કરવા જણાવેલ. પોતાના માદરે વતન લીલીયામાં જળધારા સમિતિ, ગોપાલ ગૌશાળા તથા સદભાવના ટ્રસ્ટ દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં વલ્લભભાઈ મેઘાણી, વિનુભાઈ ધામત, કૌશિકભાઈ પંડયા, અશોકભાઈ વિરાણી, કમલેશભાઈ સેખલીયા કિરિટભાઈ દોશી, ડો. નરેશભાઈ સાવલીયા, પ્રકાશભાઈ વીરાણી, રમેશભાઈ ભાલાળા પ્રવિણભાઈ ભાલાળા, તથા અગ્રણી આગેવાનો ખાસ ઉપસ્થિતબ રહયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ચંદ્રેશભાઈ મેઘાણી, હિતેશભાઈ વિરાણી, જીતુભાઈ મેઘાણી, ચેતનભાઈ ભાલાળા, દિપકભાઈ ચોપડા, હિતેશભાઈ ધામત, જગદીશભાઈ બુહા, મુકેશભાઈ ભાલાળા, હકુભાઈ ધામત, વિશાલભાઈ વોરા, ગોપાલભાઈ વિરાણી તેમજ સુરત સ્નેહમિલન કાર્યક્રમની વ્યવસ્થાપક કમીટીને સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અંતર્ગત

# સાવરકુંડલા શહેરનાં મતદાન મથક ઘેલાણી કોલેજમાં કિન્નરે મતદાન કર્યુ

## લોકસભા ચુંટણીમાં મતદાન કરી કિન્નરોએ રાષ્ટ્રધર્મ બજાવ્યો



સાવરકુંડલા, (સૌરભ દોશી)
લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત આજરોજ સાવરકુંડલા-૨૪ મતદાન મથક નંબર ૧૫૦ વીડી ઘેલાણી મહિલા કોલેજ ખાતે સાવરકુંડલાના કેવડા ખાતે આવેલ કિન્નર મઠ માં રહેતા થર્ડ જેન્ડર (કિન્નર) દ્વારા મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી સાથોસાથ લોક જાગૃતિ માટે જન સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

# બાબરાનાં સેવાભાવી અને ચેમ્બર પ્રમુખ મુન્નાભાઇની દિકરીનો આજે જન્મદીન

## જન્મદીને વેપારીઓ, આગેવાનો દ્વારા શુભકામના પાઠવાઇ



બાબરા, (દિપક કનૈયા)
બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ના પ્રમુખ મુનાભાઈ મલકાણ ની લાડકવાઈ પુત્રી યશ્વી નો આજે જન્મદિવસ છે સગા સંબંધીઓ મિત્રો રાજકીય આગેવાનો પત્રકારો વેપારીઓ સહિત સમાજના આગેવાનો એ યશ્વી મલકાણ ને જન્મ દિવસ ના અભિનંદન શુભેચ્છા પાઠવી હતી.

## લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૧૨ રાજ્યની ૯૩ બેઠક પર સરેરાશ ૬૦ ટકાથી વધુનું મતદાન થયું

(જી.એન.એસ) નવી દિલ્હી/ ગાંધીનગર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મતદારોને રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરી હતી. આ પછી ‘સ્એ અમદાવાદની નિશાન હાયર સેકન્ડરી સ્કૂલમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ‘સ્ નરેન્દ્ર મોદી મંગળવારે સવારે ગુજરાતના અમદાવાદમાં મતદાન કરવા માટે મતદાન કરવા પહોંચ્યા હતા.



ચુનાવ કા પર્વ
દેશ કા ગર્વ

# અવધ ટાઇમ્સ

આપનો એક
મત કિંમતી છે

# ઇલેક્શન - ૨૦૨૪



www.avadhtimes.net અમરેલી ૫ તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવાર


**લોકોએ શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિકાસયાત્રાને વધાવી છે**

## અમરેલી બેઠક ઉપર ભાજપને પાંચ લાખ મતની લીડ મળે છે : શ્રી ભરત સુતરિયા

### ભાજપનું ટીમવર્ક અને સરકારે કરેલા કામોને લોકોએ આવકાર્યા છે : શ્રી સુતરિયા



અમરેલી,(ડેસ્કરિપોર્ટર)

અમરેલી લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર શ્રી ભરતભાઈ સુતરિયાએ મતદાન પુર્ણ થયા બાદ પ્રતિભાવ આપતા જણાવ્યું હતુ કે લોકોએ ભાજપ તરફી જંગી મતદાન કરી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ યાત્રાને વધાવી છે ભાજપની ટીમની કામગીરી અને ભાજપની સરકારે લોકોની સેવા માટે કરેલા કામોને લોકોએ યાદ રાખી અને ભાજપ તરફી મતદાન કર્યુ છે.

સરળ સ્વભાવના શ્રી ભરતભાઈ સુતરિયાએ જણાવેલ કે, અમે કોઈ નેગેટીવ કે ખરાબ પ્રચાર વગર માત્રને માત્ર અમારી સરકારની સિધ્ધીઓને લોકો સુધી લઈ ગયા હતા અને જયારે જયારે લોકો પાસે જતા હતા ત્યારે અમારી ટીમને સ્વયંભુ આવકાર મળતો હતો તે ઈવીએમમાં દેખાશે તેમા શંકાને કોઈ સ્થાન નથી અમરેલીની બેઠક ઉપર સૌથી વધુ લીડ પાંચ લાખ મતની લીડ આ વખતે ભાજપને મળવાની છે.

## શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ, શ્રી પાટીલે મતદાન કર્યુ



અમરેલી,લોકશાહીના મહાપર્વમાંદેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે અમદાવાદની રાણીપ ખાતે આવેલ નિશાન સ્કૂલમાં મતદાન કર્યુ હતું. તેમજ સુરત ખાતે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલએ પરિવાર સાથે મતદાન કર્યુ. અને ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય ભાજપા ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે દેશમાં યોજાઈ રહેલા લોકસભા ચુંટણીઓના ત્રીજા તબક્કાના હેઠળ નારણપુરા સબ ઝોનલ ઓફિસ મતદાન મથક ખાતે સહપરિવાર મતદાન કર્યુ હતું. તેમની સાથે તેમના ધર્મપત્ની શ્રીમતી સોનલબેન શાહ, શ્રી જયભાઈ શાહ તેમજ શ્રીમતી રિશિતા જયભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

**ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા સૌ કોઈની કામગીરી પ્રશંસાપાત્ર રહી : ડો.ધનસુખ ભંડેરી, કમલેશ મીરાણી**

## રાજકોટમાં સર્વત્ર કમળ ખીલી ઉઠશે : ભાનુબેન બાબરિયા મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરિયા, કેસરીદેવસિંહ ઝાલા

### મજબુત લોકતંત્ર ના પાયામાં એક - એક મત મહત્વનો છે : જનતાએ લોકશાહીના આ મહાપર્વને ઉજવ્યું છે : ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા



રાજકોટ,

પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોધરા, રાજ્યના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરિયા, શહેર પ્રમુખ મુકેશ દોશી, શહેર ભાજપ ના પ્રભારી પ્રકાશભાઈ સોની, સાંસદો સર્વેશ્રી મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરિયા, કેસરીદેવસિંહ ઝાલા, વિધાનસભા-૬૮ ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, વિધાનસભા-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવ, શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ અશ્વિન મોલિયા, ડો. માધવ દવે. વીરેન્દ્રસિંહ ઝાલા, ભાજપ અગ્રણી ડો. ભંડેરી, શહેર ભાજપ ના પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણીની એક સયુંકત અખબારી યાદી માં જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં ગુજરાત ની ૨૫ સીટોનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયેં છે. આ અવસરે રાજકોટ લોકસભા મતવિસ્તાર માં પોતાના મતાધિકારનો ઉપયોગ કરનારા તમામ મતદારો, તમામ ઉમેદવારો, તંત્ર અને મીડિયા પ્રત્યે આભાર વ્યક્ત કરતા મહાનુભાવોએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રવાદની વિચારધારાને વરેલી ભાજપ સરકાર તરફી મોટાપાયે જંગી મતદાન થયાનું જણાય આવે છે. મતદારોએ વિકાસને મત આપ્યો છે, કમળના નિશાનવાળું બટન દબાવ્યું છે.

મતદારોએ દેશ ના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ના અડગ, મજબુત, અને સક્ષમ નેતૃત્વમાં અપાર શ્રધ્ધા દર્શાવી તેમજ મોદી સેનાના સશક્ત સેનાની, ના વિચાર, કાર્ય અને જવાબદારીઓ નિભાવવામાં અટલ સૈનિક એવા રાજકોટ લોકસભા બેઠક ના ભાજપ ના ઉમેદવાર પરશોત્તમભાઈ રૂપાલા તરફી જંગી મતદાન કરીને -શ્રી નરેન્દ્રભાઈ મોદીને અબ કી બાર - ૪૦૦ કે પાર ' ના સૂત્ર સાથે સતત ત્રીજી વાર પ્રધાનમંત્રી બનાવવા માટે નો મિજાજ બનાવ્યો છે. સર્વત્ર કેસરિયા માહોલ છવાતા સર્વત્ર કમળ જ ખીલશે અને આવનારા ૫ વર્ષ હશે અભૂતપૂર્વ વિકાસ અને સિદ્ધિના હશે. તેમજ મજબુત લોકતંત્ર ના પાયામાં એક - એક મત મહત્વનો હોય જનતાએ લોકશાહીના આ મહાપર્વને ઉજવ્યું છે અને 'કમળ ને મત એટલે વિકાસ ને તક' ના મંત્ર ને ચરિતાર્થ કરી મતદારોએ વિકાસને મત છે ત્યારે ભાજપના ભવ્ય વિજયમાં મતદારો, કાર્યકરોનો ફાળો સવિશેષ છે અને મતદારો નો કમળ તરફી ઉષ્માભર્યો ઉમળકો જોવા મળેલ હતો. આમ ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા સૌ કોઈની કામગીરી પ્રશંસાપાત્ર રહી હતી.

આ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારની ડિપોઝીટ ડુલ થઈ જવાની છે. પરશોત્તમભાઈ રૂપાલા ભવ્યાતિભવ્ય વિજય મેળવવાના છે. સર્વત્ર કેસરિયા તરફી છે જે ચૂંટણીના પરિણામના દિવસે જોવા મળશે. ઈવીએમમાંથી કમળ જ નીકળવાના છે. રાજકોટ લોકસભા બેઠકના ભાજપ ના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલા જંગી બહુમતીથી વિજય હાંસલ કરશે અને દિલ્હીમાં ભાજપ ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ને નેતુત્વમાં ત્રીજીવાર કેન્દ્ર સરકાર બનાવશે, અને માનનીય નરેન્દ્રભાઈ મોદી સતત ત્રીજી વખત દેશના વડાપ્રધાન શપથ ગ્રહણ કરશે, ભાજપના ભવ્ય વિજયમાં મતદારો, કાર્યકરોનો ફાળો વિશેષ હશે. ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા સૌ કોઈની કામગીરી પ્રશંસાપાત્ર રહી એવું જણાવતા અંતમાં પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોધરા, રાજ્યના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, શહેર ભાજપ ના પ્રભારી પ્રકાશભાઈ સોની, સાંસદો સર્વેશ્રી મોહનભાઈ કુંડારીયા, રામભાઈ ઝાલા, વિધાનસભા-૬૮ ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, વિધાનસભા-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવ, શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ અશ્વિન મોલિયા, ડો. માધવ દવે. વીરેન્દ્રસિંહ ઝાલા, ભાજપ અગ્રણી ડો. ધનસુખ ભંડેરી, શહેર ભાજપના પૂર્વપ્રમુખ કમલેશ મીરાણીએ મતદારો, ઉમેદવારો, પાર્ટીના તમામ ના કાર્યકરોથી લઈ તંત્ર અને મીડિયાના મિત્રોનો આભાર વ્યક્ત કર્યો હતો.

**ભાજપની વિરાટ ફોજ અને શ્રી નરેન્દ્રભાઇ મોદીના મોજા સામે લડેલ ઉમેદવારનો આત્મ વિશ્વાસ**

## ગુજરાતમાં ૨૬માંથી ૨૬ બેઠકોના સપના ઉપર અમરેલી બ્રેક લગાવશે : કોંગ્રેસ ઉમેદવાર શ્રી જેનીબેન ઠુમ્મર

### ગુજરાતમાં ૨૬ માંથી ૨૬ બેઠકનાં સપનાની બ્રેક અમરેલી મતક્ષેત્રની જનતા લગાવશે તેમા કોઇ શંકા નથી



અમરેલી,(ડેસ્કરિપોર્ટર)

ભાજપની વિરાટ ફોજ અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના મોજા સામે લડેલ અમરેલીના નાની ઉમરના ઉમેદવારશ્રી જેની ઠુમ્મરે આત્મ વિશ્વાસ સાથે અવધ ટાઈમ્સને જણાવ્યું હતુ કે ગુજરાતમાં ૨૬માં ૨૬થી બ્રેક અમરેલી લગાવશે.

અમરેલી લોકસભા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર શ્રી જેની ઠુમ્મરે જણાવેલ કે, ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતમાં જોયેલા ૨૬માંથી ૨૬ બેઠક મેળવવાના સપનાની બ્રેક અમરેલી મતક્ષેત્રની જનતા લગાવશે તેમા કોઈ શંકા નથી અમરેલીની બેઠક કોંગ્રેસને મળશે.

### શેલણા વિસ્તારમાં ૨૭૭૧ માંથી ૧૨૮૦ એ મતદાન કર્યુ



અમરેલી,સાવરકુંડલાના શેલણા ગામે લોકસભા ચુંટણીમાં બુથ નં.૯૭ માં ૫૫૩ બુથ નં.૯૮માં ૩૪૨, બુથ નં.૯૯ માં ૩૮૫ મળીને કુલ ૧૨૮૦ લોકોએ મતદાન કર્યુ હતુ. કુલ મતદારો ૨૭૭૧ હતા તે પૈકી ૧૨૮૦ એ મતદાન કરતા કુલ મતદાન ૪૬.૧૯ ટકા થયુ હતુ તેમ કાળુભાઈ લુણસરે જણાવ્યું

**સાંસદશ્રી કાછડીયા, શ્રી કૌશિક વેકરીયા, શ્રી હિરેન હિરપરા, શ્રી ચેતન શિયાળ, શ્રી ઇકબાલભાઇ બેલીમ સહિતનાં અગ્રણીઓએ સાંત્વના પાઠવી**

## અમરેલીમાં ખુશ્બુ ટ્રાન્સપોર્ટવાળા શ્રી નુરમહમદભાઇનું નિધન

### શ્રી અકીલભાઇ અને આશીફભાઇ અને સાજીદભાઇનાં પિતાશ્રી નુરમહમદભાઇની સેવાકીય પ્રવૃતિ અને સરળ સ્વભાવને યાદ કરી તેમને શ્રધ્ધાંજલી પાઠવતા આગેવાનો



અમરેલી,

અમરેલી મુકામે અકીલ ભાઈ કચરા ના પિતાશ્રી નૂર મહંમદ ભાઈ ખુશ્બુ ટ્રાવેલ્સ વાળા નુ નિધન સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય દંડક શ્રી શ્રી કૌશિક ભાઈ વેકરીયા, ભાજપ પ્રમુખ હિરેનભાઈ હિરપરા, ભરત ભાઈ વેકરીયા, ટીંબી યાડના પ્રમુખ ચેતનભાઈ શિયાળ જીગ્નેશ ભાઈ રાજુલા ભાજપ પ્રમુખ હરસુર ભાઈ લખત્રોના વેપારી અગ્રણીએ રીતેશભાઈ સોની, પટેલ અગ્રણીએ શ્રી કાંતિભાઈ સતાસીયા, ઈકબાલભાઈ બેલીમ ચલાલા જીંગા બાપુ, દાદાબાપુ સાવરકુંડલા, નિઝામ બાપુ, ઈરફાન ખીમાણી રાજુભાઈ મિલન, રજાકભાઈ કચરા સહીત વેપારી અગ્રણી ઓએ સાંત્વના પાઠવી હતી.

## દુબઇ આબુધાબીથી ઠક્કર પરિવાર મતદાન કરવા માટે રાજુલા આવ્યો

### મતદાન કરીને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો



રાજુલા, (કનુભાઈ વરૂ) વિભૂતિ કમલેશભાઈ ઠક્કર દુબઈ આબુધાબી સ્થિત હાલ મત મત નો અધિકાર લેવા માટે વેકેશન ઓગસ્ટમાં હોવા છતાં મે મહિનામાં વેકેશન લઈને મત દેવા માટે અહીં આવી છું તો મારી સમગ્ર જનતા ને અપીલ છે કે મત એ આપણો અધિકાર છે અને મત કરવું એ ફરજ છે તો સર્વે જનતાએ મત જરૂર આપવો. વિભૂતિ ઠક્કર પોતાનો મતદાન રાજુલા ખાતે હોવાથી દુબઈથી આવી રાજુલામાં મતદાન કર્યુ અને મતદાન કરી રાજીપો વ્યક્ત કર્યો હતો.

## ચલાલા યુવા ભાજપ મોરચાના ઉપપ્રમુખ શ્રી બગથરીયાને જન્મદિને ફુલડે વધાવ્યાં



ચલાલા,ચલાલા યુવા ભાજપ મોરચાના ઉપપ્રમુખ અને ચલાલા ખોડલધામના સહ કન્વીનર અને સેવાભાવી યુવાન તથા રાજ નોવેલ્ટી વાળા શ્રી મનોજભાઈ બગથરીયાના આજે જન્મદિવસે ચલાલાના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા, શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ માલવીયા, ચલાલા પાલિકાના પુર્વપ્રમુખશ્રી હિંમતભાઈ, પુર્વ પ્રમુખશ્રી ગીતાબેન કારીયા, ઉપપ્રમુખશ્રી જયરાજભાઈ વાળા, પુર્વ સદસ્ય શ્રી ચાંપરાજભાઈ ધાધલ સહિતનાં આગેવાનો અને મહાનુભવો, સગાસ્નેહી, મિત્રો સહિતે શ્રી મનોજભાઈને ફુલડે વધાવી શુભકામના પાઠવી હતી. શ્રી મનોજભાઈ ઉપર શુભકામનાઓનો ધોધ વહેવો હતો.

**કાયદો અને વ્યવસ્થાની જાળવણી વચ્ચે નાગરીક ધર્મ**

## જામનગરનાં પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલૂએ મતદાન કર્યુ

### મતદાન કરી જિલ્લાના તમામ મતદારોને મતદાનની અપીલ કરી



જામનગર,

ગુજરાત પોલીસના પ્રામાણીક અને જાગૃત પોલીસ અધિકારી જામનગર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રેમસુખ ડેલૂએ મતદાન કરી જિલ્લાના તમામ મતદારોને મતદાનની અપીલ કરી હતી કે 'લોકશાહીમાં મતદાન એ આપણો પવિત્ર અધિકાર છે. આવો, આ અવસરમાં જોડાઈએ અને મતદાન અચૂક કરીએ.


93283 20662 સરકાર માન્ય
ગજાનંદ
વજન કાંટા
સબસીડી વાળા અહિં મળશે.
જુના માર્કેટીંગયાર્ડ અંદર, કોંગ્રેસ કાર્યાલય સામે, પહેલા માળે, અમરેલી

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

જમીન વેચવાની છે
બિઝનેશ થાય તેવી
ખેતીની જમીન
ચિતલ રેલ્વે સ્ટેશને
વેચવાની છે
સંપર્ક મો.૮૮૪૯૭ ૯૭૮૮૩

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક
શ્રી નિવાસ ડાઇનિંગ હોલ
નું જમવાનું તો ભાઇ.. ભાઇ..
ફુલ ગુજરાતી થાળી
સવારનાં ૧૦:30 થી બપોરનાં 3:૦૦ સુધી મળશે
જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર
સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ
રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

તમારા ફ્રી સમયમાં કમાવો
ગૃહિણી, ધંધાદારીઓ, નોકરીયાતો, શિક્ષકો, બ્યુટીશીયન, ડોક્ટરો, નિવૃતો કોઇપણ કરી શકે
શું તમે તકની શોધમાં છો ? તમારી મરજી મુજબ કમાવો
તાલીમ આપવામાં આવશે, અનુભવ અને ભણતરની જરૂર નથી, રોજ ૨-૩ કલાક કામ કરો, જ્યાં હોય ત્યાંથી કામ કરી શકો છો, ૧૮ વર્ષની ઉંમરના કોઇપણ માટે
સંપર્ક : મો.૭૬૨૩૯ ૧૬૩૭૨

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● 30% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ
પાના નં ૬
તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવાર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૫૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## ખાંભાના પચપચીયા ગામે વરરાજાએ મતદાન કર્યુ

### વરિષ્ઠ, દિવ્યાંગો અને અન્ય જાતિના નાગરિકોએ અચૂક મતદાનનો સંદેશ પ્રસરાવ્યો



અમરેલી,

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત સાવરકુંડલા- ૨૪ મતદાન મથક પર સાવરકુંડલાના કેવડા ખાતેના કિન્નર મઠમાં રહેતા અન્ય જાતિના નાગરિકોએ મતદાન કર્યુ હતું. મતદાન કરી લોકશાહીના મહા ઉજવણી કરી તેમણે મતદાનનું મહત્વ જણાવી નાગરિકોને અચૂક મતદાનનો સંદેશ પ્રસરાવ્યો હતો.

બગસરા, રાજુલા સહિતના વિસ્તારના વરિષ્ઠ નાગરિકોએ મતદાન કરી અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. ખાંભાના પચપચીયા ગામે વરરાજાએ મતદાન કરી નાગરિક તરીકેની તેમની ફરજ અદા કરી હતી. દિવ્યાંગોએ મતદાન કરી અચૂક મતદાન-નાગરિકની ફરજ અને અધિકાર સંદેશ કર્યો હતો.

## રાજુલા, જાફરાબાદમાં આગેવાનોએ મતદાન કરી ફરજ બજાવી

### ધારાસભ્ય શ્રી હિરાભાઇ સોલંકી, શ્રી ચેતનભાઇ શિયાળ, શ્રી રવુભાઇ ખુમાણ, ડો.વાઘમશી, પુજ્યશ્રી મોરારિબાપુ, શ્રી ટીકુભાઇ વરૂ, મહંતશ્રી નિર્મળાબા, શ્રી ભયલુબાપુ, જીજ્ઞેશભાઇ પટેલ સહિતે મતદાન કર્યુ



રાજુલા, (કનુભાઇ વરૂ)અમરેલી લોકસભા મત વિસ્તારમાં આજે મતદાન શાંતિમય રીતે થયું હતું. શ્રી હિરાભાઇ સોલંકી, શ્રી ચેતનભાઇ શિયાળ, શ્રી રવુભાઇ ખુમાણ તથા પુજયશ્રી મોરારિબાપુ, પુજયશ્રી નિર્મળાબાએ પણ મતદાન કર્યુ હતું. રાજુલાના લોકપ્રિય ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ટીંબી માર્કેટિંગ યાર્ડનાપ્રમુખ ચેતનભાઈ શિયાળ અને તેમનો પરિવાર જાફરાબાદ ખાતે મતદાન કર્યુ હતું. અમરેલી જિલ્લા ભાજપના અગ્રણી અને બોટાદના એવા રવુભાઈ ખુમાણે મતદાન કર્યુ હતું. રાજુલાના ડોકટર જયંતભાઈ વાઘમશીએ પણ મતદાન કર્યુ હતું. જાફરાબાદ તાલુકાના માણસા ખાતે ટીકુભાઈ વરૂએ મતદાન કર્યુ હતું. પૂજ્ય મોરારીબાપુએ આજે મતદાનના પવિત્ર દિવસે સવારમાં તલગાજરડા ખાતે પોતાના વતનમાં મતદાન કર્યુ હતું. પાળીયાદ જગ્યા ના મહંત શ્રી નિર્મળાબા તથા ભયલુભાઈ વગેરે મતદાન કર્યુ હતું. રાજુલા માર્કેટિંગ યાર્ડના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલે મતદાન કર્યુ હતું.

### લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪

## અમરેલીમાં ભાતીગળ પરંપરા દર્શાવતા મતદાન મથકમાં આકર્ષક સજાવટ કરી

### વરિષ્ઠ, દિવ્યાંગો અને યુવા નાગરિકોએ મતાધિકારનો ઉપયોગ કર્યો



અમરેલી, લોકશાહીના મહાપર્વ ચૂંટણીમાં નાગરિકોએ મતદાન કરી પોતાનો મતાધિકાર અને રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજ અદા કરી હતી. અમરેલી જિલ્લામાં ભાતીગળ પરંપરા, દરિયાઈ વિસ્તારમાં દરિયાઈ કાંઠાના જીવનને ઉજાગર આદર્શ મતદાન મથક સહિતના મતદાન મથકોએ કરવામાં આવેલી આકર્ષક સજાવટ કરવામાં આવી હતી. દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકો ઉપરાંત મહિલાઓને મતદાન માટે પ્રાથમિકતા મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. લાઠી-બાબરા વિધાનસભા વિસ્તાર હેઠળના બાબરા તાલુકાના વાવડી ગામ ખાતે વરિષ્ઠ નાગરિકે મતદાન માટે ગ્રીન કાર્ડ (લીલી કાપલી)નો ઉપયોગ મતદાન માટે પ્રાથમિકતા મેળવી હતી. ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા અને દિવ્યાંગ નાગરિકોએ વ્હીલચેર અને સહાયકની સુવિધા મેળવી મતદાન કર્યુ હતુ. યુવા મતદારોએ પણ પોતાનો મત આપી રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય અદા કર્યુ હતું.

### લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪

## લાઠીમાં સંઘવી હાઇસ્કુલ ખાતે યુવા અને મહિલા અધિકારી-કર્મચારીઓ સંચાલિત મતદાન મથકો

### લોકસભા ચુંટણીમાં નાગરિકોમાં અનેરો ઉત્સાહ છવાયો



અમરેલી, ૧૪-અમરેલી લોકસભા મતવિસ્તારમાં મતદાન પ્રક્રિયા અંતર્ગત ચૂંટણી પંચ દ્વારા વિવિધ પ્રકારના મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા હતા. આ પૈકી ૯૬- લાઠી વિધાનસભા મત વિસ્તારના લાઠી સ્થિત મતદાન કેન્દ્ર-૧૬૭ સંઘવી હાઈસ્કુલ ખાતે ચૂંટણી પંચના નિર્દેશો મુજબ આદર્શ-યુવા સંચાલિત અને મહિલા સંચાલિત મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા હતા. આદર્શ મતદાન મથકોમાં ભાતીગળ સંસ્કૃતિની ઝલક જોવા મળી જ્યારે યુવા મતદાન મથકોમાં ચૂંટણી ફરજ પરના તમામ અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ યુવા હતા. મહિલા સ્ટાફ સંચાલિત સખી મતદાન મથક - પીંક પોલિંગ સ્ટેશન પર મતદાન પ્રક્રિયા-ચૂંટણી ફરજ પરના તમામ અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ મહિલાઓ હતા. આ કેન્દ્રો પરની આકર્ષક અને સુવિધાઓથી મતદારો પણ વિશેષ રીતે પ્રભાવિત થયા હતા. લાઠી નગરના મતદારશ્રી વિનુભાઈ વિસનગરાએ કહ્યુ કે, આદર્શ મતદાન મથકની સુવિધાઓ મતદારોને આકર્ષે છે. આ પ્રકારના આકર્ષણ સાથે મતદારોને મતદાન માટે વિશેષ ભાવ જન્મે છે.

## રેબડીનેશના મતદારોએ મતદાન કર્યુ

### મતદાન મથક સુધી પહોંચી અચૂક મતદાનનો નિર્ધાર વ્યક્ત કર્યો



અમરેલી, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નાગરિકોએ મતદાન કર્યુહતુ. તાલુકાના રેબડી નેશના મતદારોને મતદાન માટે મતદાન મથક સુધી પહોંચવા અને પરત ફરવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વાહન સુવિધા આપવામાં આવી હતી. ભૌગલિક રીતે વિશેષતાઓ ધરાવતા વિસ્તારના નાગરિકોએ મતદાન કર્યુ હતું. કોઈપણ પરિસ્થિતિ હોય, 'હું તો મતદાન કરીશ જ' ના જુસ્સા સાથે મતદાતાએ વ્હીલચેર અને સહાયકની મદદ મેળવી મથક સુધી પહોંચીને મતદાનનો નિર્ધાર કર્યો હતો. આ મતદારે મતદાન કરી અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. અમરેલી જિલ્લના વિવિધ વિસ્તારોમાં યુવા મતદાતાઓએ પ્રથમ વાર એકસાથે મતદાન કરી મતદાતાઓને મતદાન માટે અનુરોધ કર્યો હતો. ઔદ્યોગિક વિસ્તારના નાગરિકોએ પણ મતદાન કરી રાષ્ટ્ર પ્રત્યેની તેમની ફરજ અદા કરી હતી.

## ચૂંટણી અધિકારીશ્રી અજય દહિયાએ વિવિધ વેબ કાસ્ટીંગ કંટ્રોલ રૂમની મુલાકાત લઈ સમીક્ષા કરી

### જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ લાઠી ખાતે મોડેલ, યુવા અને મહિલા મતદાન મથકની મુલાકાત લીધી



અમરેલી,૧૪-અમરેલી લોકસભા મતવિસ્તારની મતદાન પ્રક્રિયા અંતર્ગત અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાએ લોકસભા સમાવિષ્ઠ વિવિધ વિધાનસભા વિભાગમાં કાર્યરત વેબ કાસ્ટીંગ કંટ્રોલ રુમની મુલાકાત લીધી હતી. તેમણે કંટ્રોલ રુમમાં વિવિધ વિગતો મેળવી અને જરુરી સૂચનાઓ આપી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ અમરેલી અને લાઠી ખાતેના મોડેલ મતદાન મથક, સખી મતદાન મથક અને યુવા મતદાન મથકની મુલાકાત લીધી હતી.

## ચૂંટણી તંત્રનો સંનિષ્ઠ પ્રયાસ : ગરમીની વચ્ચે મતદાન દરમિયાન મતદાર સહાય

### બુથ પર મતદારો માટે શરબતની વ્યવસ્થા કરાઇ



અમરેલી, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની મતદાન પ્રક્રિયા દરમિયાન મતદાન કેન્દ્રો પર મતદારોને છાંયડો મળી રહે અને અસહ્ય તાપ સામે રક્ષણ મળી રહે તે માટે મતદાન મથકો પર શેડની વ્યવસ્થા કરવામાં આવી હતી. જિલ્લાના વિવિધ વિધાનસભા મતવિસ્તારોમાં મતદારો માટે ગરમીના સમયગાળા દરમિયાન જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા શરબત તેમજ કોલ્ડ્રીંક્સની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. લોકશાહીના પર્વમાં મતદાન માટે આવતા મતદારોને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## લાઠીનાં દિવ્યાંગ અને વરિષ્ઠ મતદાર ભુપતભાઇ સાયકલ લઇને પોતાનું મતદાન કરવા આવ્યાં

### દિવ્યાંગ મતદાર શ્રી ભૂપતભાઈ નાવડીયાએ પ્રેરક ઉદાહરણ પુરું પાડ્યું



અમરેલી,૧૪-અમરેલી લોકસભા મતવિસ્તારમાં મતદાન પ્રક્રિયા અંતર્ગત મહિલા, યુવા, વરિષ્ઠ અને દિવ્યાંગ મતદારોમાં અનેરો જોવા મળ્યો હતો. ૯૬-લાઠી વિધાનસભા મતવિસ્તારના લાઠી નગરના દિવ્યાંગ મતદાર અને વરિષ્ઠ નાગરિક શ્રી ભૂપતભાઈ નાવડીયાએ પ્રેરક ઉદાહરણ પુરું પાડ્યું હતું. તેમણે ટ્રાઈસિકલ પર આવીને પરિવારજનો કે અન્યોની મદદ વગર ઉત્સાહભેર મતદાન કર્યુ હતું. લોકશાહીને મજબૂત બનાવવા માટે મતદાન ઘણું અગત્યનું હોવાનું તેમણે જણાવ્યુ હતુ. એક સંદેશમાં તેમણે કે, પ્રત્યેક ચૂંટણીમાં હું મતદાન કરું છું. હું મતદાન કરવા ટ્રાઈસિકલ પર આવતો હોય તો અન્ય નાગરિકોએ ઉત્સાહભેર મતદાન કરવું જ જોઈએ. અમરેલી લોકસભા મતવિસ્તારમાં મતદારો માટે વિશેષ અને આવશ્યક સુવિધાઓ મતદાન કેન્દ્રો પર ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેમાં દિવ્યાંગ અને અશક્ત મતદારો માટે સહાયક અને રેમ્પની સુવિધાઓ જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

### જિલ્લામાં વરિષ્ઠ નાગરિકો પણ મતદાન માટે બુથ સુધી પહોંચ્યા

## ખાંભાના હનુમાનપુરમાં શતાયુ નાગરિક શ્રી છનાભાઈ સાગઠીયા અને તેમના ધર્મપત્ની શ્રી નાથીબેન સાગઠીયાએ મતદાન કર્યુ

### લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં મત આપીને લોકશાહી પર્વની ઉજવણી કરી



અમરેલી, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અમરેલી સહિત સમગ્ર રાજયમાં મતદાન પ્રક્રિયા શરુ છે. જિલ્લામાં વરિષ્ઠ નાગરિકો પણ મતદાન માટે બુથ સુધી પહોંચ્યા છે. ખાંભાના હનુમાનપુર મુકામે શતાયુ નાગરિક (૧૦૦ વર્ષીય દંપતિ) શ્રી છનાભાઈ સાગઠીયા અને તેમના ધર્મપત્ની શ્રી નાથીબેન છનાભાઈ સાગઠીયાએ મતદાન કરીને લોકશાહી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. લોકશાહીના મહાપર્વમાં નાગરિકો મતદાન કરીને લોકશાહીને સશકત બનાવવા પોતાના મતાધિકાર અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરી પોતાનું કર્તવ્ય

## અમરેલીનાં જાણીતા ધારાશાસ્ત્રી શ્રી બકુલભાઇ પંડયાની દિકરી દિયાએ પ્રથમ વખત જ મતદાન કર્યુ

### મત અધિકાર મળતા જ પોતાની ફરજ બજાવી



અમરેલી, ગુજરાત બાર કાઉન્સિલના અગ્રણી અને અમરેલીના જાણીતા ધારાશાસ્ત્રી શ્રી બકુલભાઈ પંડ્યા ની દીકરી દિયા એ આજે પ્રથમ વખત જ લોકસભાની ચૂંટણીમાં મતદાન કર્યુ હતુ અને પોતાની રાષ્ટ્રીય ફરજ નિભાવી હતી દેશમાં ઉનંતી, વિકાસ ધ્યાને લઈ મતદાન કરવું એ પવિત્ર ફરજ છે જેના ભાગરૂપે મતદાન કરીને પોતાનો રાષ્ટ્રધર્મ નિભાવ્યો હતો.

### વરિષ્ઠ નાગરિકોમાં મતદાન માટે ઉત્સાહ: મતદાન મથક સુધી પહોંચ્યા

## રાજુલાના દાતરડીમાં ૮૫થી વધુની વયના દાદાએ મતદાન કરીને લોકશાહી પર્વની ઉજવણી કરી

### જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા મતદાન મથકે શરબત સહિતની વ્યવસ્થા

અમરેલી,

સમગ્ર જિલ્લામાં સૌ નાગરિકો ઉત્સાહ સાથે મતદાન કરી છે મતદાન મથકો પર મતદાતાઓ માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા શરબત સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અમરેલી સહિત સમગ્ર રાજ્યમાં મતદાન પ્રક્રિયા શરુ છે. જિલ્લામાં ૮૦થી વધુની વયના વરિષ્ઠ નાગરિકોએ મતદાન માટે ઉત્સાહ દાખવી મતદાન મથક સુધી પહોંચ્યા છે. રાજુલાના દાતરડી મુકામે વધુની વયના વરિષ્ઠ દાદાએ મતદાન કરીને લોકશાહી પર્વની ઉજવણી કરી હતી. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથકો પર શરબત સહિતની વ્યવસ્થાઓ કરવામાં

# ડેડાણના વેપારી અમીરભાઇ હિરાણીનું નિધન

## અમીરભાઇએ ટુંકી બિમારી બાદ અંતિમ શ્વાસ લીધા : ઘેરો શોક



ડેડાણ, (બહાદુરઅલી હીરાણી)

ડેડાણનાં વેપારી અગ્રણી અમીરભાઈ વજીરભાઈ હિરાણીનું આજે ટુંકી બિમારી બાદ અવસાન થતા ઘેરો શોક વ્યાપી ગયો છે. અમીરભાઈ વજીરભાઈ હિરાણી ડેડાણવાળા હાલ રાજુલા રહેતા હતા ટુંકી બિમારી બાદ આજે અવસાન થતા ઘેરો શોક વ્યાપી ગયો છે. તેઓ ડેડાણનાં અનવરભાઈ હિરાણી અને બહાદુરભાઈ હિરાણી, ફીરોજભાઈ હિરાણી, અલ્તાફભાઈ હિરાણી, આરીફભાઈ હિરાણી અને હિરાણી મોબાઈલ વાળાના કાકા અને હિરાણી ફુટવેર ડેડાણવાળા રેનીશભાઈ હિરાણી અને રીયાજભાઈ હિરાણીના પિતા થાય અને મેવીશા હિરાણી ના દાદા થાય. તેમની દફન વિધીમાં સગા સ્નેહીઓ વેપારીઓ સહિત જોડાયા હતા. શોક વ્યક્ત કર્યો હતો.

# મહિસાગરનાંબાલાસિનોરમાંમતદાનનોબહિષ્કારકરવામાંઆવ્યો

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

હિનાબેન ગુણવંતભાઈ દોશી ઉ.વ. ૬૭ તે ગુણવંતભાઈ તારાચંદભાઈ દોશીના ધર્મપત્નિ અને વૈશાલી તેજસકુમાર પતીરા, નેહાનીતેશકુમાર કોઠારી, ચાંદની રઘુવીરભાઈ પીઠડીયા, ઈશાની પિયુષકુમાર પરમારના માતુશ્રી તા. ૪-૫ શનિવારના અરિહંતઃ શરણ પામેલ છે.

**સાવરકુંડલા**

વિજયાબેન હરીલાલ જોશી ઉ.વ. ૭૬ તે શરદભાઈ , વિપુલભાઈ, રાજેશભાઈ, ચેતનભાઈ હરીલાલ જોશીના માતુશ્રીનું તા. ૪-૫ શનિવારના અવસાન થયેલ છે.

**ઢસા**

ઢસા ગામ નિવાસી ધનલક્ષ્મીબેન બળવંતરાય શુકલ ઉ.વ.૮૨ જે દિલીપભાઈ શુકલ (નિવૃત પો.ઈન્સ.) સ્વ.અશોકભાઈ, પ્રદિપભાઈ તેમજ ગીરીશભાઈ શુકલ (એડવોકેટ) ના માતુશ્રી તા.૩-૫-૨૪ને શુક્રવારના રોજ અવસાન પામેલ છે. દિલીપ શુકલ ૯૯૦૯૦ ૦૭૮૩૯, ગીરીશ શુકલ ૯૪૨૭૪૩૨૮૯૫.

## ગુજરાતનાં બાણેજ ગામમાં ૧૦૦ ટકા મતદાન થયું


શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન | કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન
જય રામદેવ ટ્રાવેલ્સ
તદ્દન ન્યુ બ્રાન્ડ A/C,NON A/C બસ
નેસડીથી સુરત | તાતણીયાથી સુરત | ઠન્ડા-ઠન્ડા COOL-COOL
ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત
ટાઇમ રાત્રે ૭,૮,૯
ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી
અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૭૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦
ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,
Online Booking : www.jayramdevtravels.com

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ( ગુજરાતી માધ્યમ)
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
- દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
- ધોરણ ૧૧/૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્ક્સનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
- છેલ્લા ૧૬ વર્ષોના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઈલી ટેસ્ટ,વિકલી ટેસ્ટ,રીપીટેડલી ટેસ્ટ
અમરેલી જીલ્લામાં સૌપ્રથમ સ્માર્ટબોર્ડ દ્વારા ડિજિટલ એજ્યુકેશન આપતી એકમાત્ર કોમર્સ સ્કુલ

ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ. | સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેક્ચર.. | વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૬ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર દિનેશ એમ.ભટ્ટ, એડવોકેટ, આકાશ કોમ્પલેક્ષ, હરી રોડ, અમરેલી, તે અમારા અસીલ સુનિલ મુરલીધર ભગત, ફલેટ નં.૮, ખીમીચાકુંજ, પ્લોટ નં.૪૨/એ, સાયન સર્કલ પાસે, સાયન (વેસ્ટ), મુંબઇ ૪૦૦૦૨૨ ની મળેલ સુચના અને ફરમાઇશ અનુસાર આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારા અસીલ સુનિલ મુરલીધર ભગત નાએ રાજુલાના મહે.પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પેશ્યલ દિવાની મુકદમા નં.૦૨/૨૦૨૪ થી પ્રતિવાદી ૧. સચિન ધીરૂભાઇ દવે, ૨. ચિરાગ ધીરૂભાઇ દવે, ૩. વૈશાલી સચિન દવે, રહે.૧ થી ૩ ના રાજુલા તથા નં.૪ ભાર્ગવ કિશોરભાઇ મહેતા રહે. ભાવનગરવાળા સામે રૂા.૦૧,૦૨,૫૬,૧૭૫/- અંકે રૂપીયા એક કરોડ બે લાખ છપ્પન હજાર એકસો પંચોતેર પુરા વસુલ મેળવવા દાવો દાખલ કરેલ છે અને તે દાવાના કામે આંક :- ૫ થી સિવીલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ ઓર્ડર :- ૩૮, રૂલ :- ૫ અન્વયે પ્રતિવાદીની રાજુલા મુકામે આવેલ નીચે મુજબની મિલ્કતો માટે એટેચમેન્ટ બીફોર જજમેન્ટ ની અરજી આપેલ છે જે મિલ્કત નીચે મુજબ છે,

૧. પ્રતિવાદી નં.૩ ચિરાગ ધીરૂભાઇ દવે ના નામે આવેલ રહેણાંક મિલ્કત અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામે બિનખેતી સર્વે નં.૨૬૪ પૈકી ૫ સર્વે નં.૨૬૭ પૈકી ૧ તથા ૨૬૭ પૈકી ૨ ની કુલ જમીન હે.આરે.ચો.મી. ૦-૦૭-૧૯ જે મારૂતીનગરમાં આવેલ રહેણાંક હેતુ માટેનો પ્લોટ નં.૨૫૫ પૈકી ચો.મી. ૯૨-૯૫ ક્ષેત્રફળમાં પ્લોટમાં આવેલ મિલ્કત છે જેની ચતુઃસીમા નીચે મુજબ છે.
ઉતરે :- ૧૦.૫૦ મીટર પહોળો રસ્તો આવેલ છે, જે બાજુ - ૧૫.૫૦ મીટર છે.
દક્ષિણે :- સદરહુ પ્લોટ પૈકીનો વધતો ભાગ આવેલ છે. જે બાજુ - ૧૫.૨૭ મીટર છે.
પુર્વે :- ૭.૫૦ મીટર પહોળો રસ્તો આવેલ છે. જે બાજુ - ૬.૬૩ મીટર છે.
પશ્ચિમે :- લાગુ સર્વે નં.૨૬૫ ની જમીન આવેલ છે. જે બાજુ - ૬.૬૩ મીટર છે.
જેનું કુલ ક્ષેત્રફળ ચો.મી. ૯૨.૯૫ છે.

૨.પ્રતિવાદીઓની વડીલોપાર્જીત રહેણાંક મિલ્કત કે જે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામમાં આવેલ સીટી સર્વે નં.૫૭૭ જેનું ક્ષેત્રફળ ૭૩.૨૮ ચો.મી., જેનો સતાપ્રકાર - એ થી આવેલ ગૌરીશંકર રામજીભાઇ રાજગોરના નામે સીટીસર્વેમાં પ્રોપર્ટી કાર્ડથી આવેલ મિલ્કતમાં પ્રતિવાદીઓનો જે હિસ્સો આવેલ છે તે હિસ્સો.

૩.પ્રતિવાદી નં.૪ ભાર્ગવભાઇ કિશોરભાઇ મહેતા ના નામે જે ભાવનગર જિલ્લાના ભાવનગરમાં મોજે ચિત્રા ગામમાં ભાવનગર મહાનગરપાલિકાની હદમાં આવેલ નગર રચના યોજના નં.૧ - બી (ચિત્રા) ના અંતિમ ખંડ નં.૧૨ ની બિનખેડવાણ થયેલ ૬૪૨૯.૨૪ ચો.મી. અઘાટ જમીનમાં પાડવામાં આવેલ અને લક્ષ્મીનગર તરીકે ઓળખાતી વસાહતનાં રહેણાંકના પ્લોટ પૈકી પ્લોટ નં.૨ કે જે જમીનનું ક્ષેત્રફળ ૧૨૯.૬૧ ચો.મી. ના ખુલ્લા અને ખાલી પ્લોટમાં આવેલ રહેણાંકવાળી મિલ્કતની ચતુઃસીમા નીચે મુજબ છે.
ઉતરે :- આ તરફે ૭.૫૦ મીટર પહોળો આંતરીકે મજમુ રસ્તો આવેલ છે. તે તરફની હદનું માપ ૭.૩૦ મીટર છે. દક્ષિણે :- આ તરફ ફાઇનલ પ્લોટ નં.૪ આવેલ છે. તે તરફની હદનુ માપ ૭.૩૦ મીટર છે. પુર્વે :- આ તરફ પ્લોટ નં.૧ આવેલ છે. તે તરફની હદનુ માપ ૧૭.૭૯ મીટર છે. પશ્ચિમે :- આ તરફ પ્લોટ નં.૩ આવેલ છે. તે તરફની હદનુ માપ ૧૭.૭૨ મીટર છે.

ઉપરોક્ત ત્રણેય મિલ્કત આ દાવાના કામે એટેચમાં લેવા અરજી આપેલ છે અને આ કેસની મુદત તા.૨૦-૦૬-૨૦૨૪ ની પડેલ છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે, આ ઉપરોક્ત જણાવેલ દાવાવાળી મિલ્કત કોઇએ ખરીદવી નહી અને જો ખરીદવામાં આવશે તો આ દાવાના કામે તે વેચાણ રાખનારને પણ પ્રતિવાદી તરીકે જોડવાની ફરજ પડશે અને દાવાનો જે કાંઇ નિર્ણય આવશે તે ખરીદનારને બંધનકર્તા રહેશે અને અમારા અસીલને તેવો વેચાણ દસ્તાવેજ બંધનકર્તા રહેશે નહી જેની ગંભીર નોંધ લેશો.

તારીખ : ૦૬-૦૫-૨૦૨૪
સ્થળ : રાજુલા
મારી સુચના મુજબ :-
સુનિલ મુરલીધર ભગત
રહે.ફલેટ નં.૮, ખીમીચાકુંજ,
પ્લોટ નં.૪૨/એ, સાયન સર્કલ પાસે,
સાયન (વેસ્ટ), મુંબઇ - ૪૦૦૦૨૨

અસીલની સુચનાથી
દિનેશ એમ.ભટ્ટ - એડવોકેટ
આકાશ કોમ્પલેક્ષ, હરી રોડ, અમરેલી


હવે કોઈપણ A.C.ની ખરીદી પર મેળવો...
Rs.3000/-* CASHBACK
0% ફાયનાન્સ
સિમ્ફની એર કુલર
GENERAL | MITSUBISHI | BLUE STAR | Cruise | DAIKIN | VOLTAS | LLOYD | IFB | BPL | HITACHI | Kelvinator | LG | Whirlpool
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઇલેક્ટ્રોનિક્સ
શોપ નં.૮, સુધરાઈ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo. 78020 42200 | 94267 61717

MARUTI SUZUKI ARENA | VITARA BREZZA
WICKEDLY POWERFUL





Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી


## જાહેર નોટીસનો ખુલ્લાસો

આથી અમો લાભશંકર દિનકરરાય રાજ્યગુરૂ રહે.મહુવા આથી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, ભરતભાઇ લાભશંકર રાજ્યગુરૂ રહે.રાજુલા એ જાહેર નોટીસ તા.૨૩-૦૪-૨૦૨૪ ''અવધ ટાઇમ્સ'' ન્યુઝ પેપટરમાં જાહેર નોટીસ આપેલ છે. અમો નીચેના કારણોસર આ નોટીસનો ખુલ્લાસો (જવાબ)

અમો લાભશંકર દિનકરરાય રાજ્યગુરૂ તા.૨૩-૦૪-૨૦૨૪ ની જાહેર નોટીસ અમો માન્ય રાખતા નથી અને નોટીસ ખરી નથી, કાયદેસરની નથી આ નોટીસ રદ થવાને પાત્ર છે. તમારા તરફથી વર્ણવેલ હકીકત અમો સ્પષ્ટપણે કબુલ રાખતા નથી, જે સીટી સર્વે ઓફીસર પર ખોટા આક્ષેપ તમોએ કરેલ છે અને સીટીસર્વે ઓફીસરશ્રીએ નિયમોનુસાર કાર્યવાહી કરેલ છે અને વિલનું પ્રોબેટ મેળવવુ જરૂરી નથી જે તમારા તરફથી ખોટા આક્ષેપો કરેલ છે બિનઅધિકૃત અને કાયદેસરના નથી જે તમારા તરફથી સીટીસર્વે નં.૨૨૫૬ થી નાયબ કલેકટરશ્રી રાજુલા અમોએ ગેરકાયદેસર હુકમ મેળવેલ છે તેવો તમારા તરફથી ખોટા આક્ષેપો કરેલ છે, તમો નામદાર કોર્ટનું અપમાન કરો છો અને આપણી બંને વચ્ચે ''કુટુમ્બીક સમજુતી કરાર'' તા.૧૩-૧૦-૨૦૧૪ માં થયેલ છે તેમાં બે મિલ્કત જેના સીટીસર્વે નં.૩૮૮૧/૨ તથા ૪૨૦૬ તમારા ભાગે આવેલ છે અને આ બંને મિલ્કત તમારા એક જ નામે ૭૨૪૪ થી પ્રમાણિત તા.૨૪-૦૫-૨૦૧૭ થી થયેલ છે અને તમારા નામે ખાતે ચાલે છે. ''કુટુમ્બીક સમજુતી કરાર'' માં પાના નં.૩ પારા નં.૪ મા જણાવેલ મિલ્કત અમારા ભાગે આવેલ છે અને તેમાં નં.૨૨૫૬ ની મિલ્કતમાંથી તમામ હક્કો પક્ષકાર નં.૧ ની તરફેણમાં તમામ હક્કો જતા કરવામાં આવેલ છે. જેથી સીટીસર્વે નં.૨૨૫૬ માં તમારો કોઇપણ પ્રકારનો હક્ક, ભાગ, હિસ્સો રહેતો નથી તેવા મતલબની કબુલાત આપેલ છે. આ મિલ્કત હું ગમે તે વ્યક્તિને આપુ ભેટ, બક્ષીસ, લોન લેવી વિગેરે મારા અબાધ અધિકાર છે જેમાં તમારે દખલગીરી કરવાનો અધિકાર નથી. અમોએ આ મિલ્કત ૨૨૫૬ વેચાણ કરવામાં કોઇ રોકી શકે નહી જેની નોંધ લેશો.

આ મિલ્કત સીટીસર્વે નં.૨૨૫૬ ઉપર રાજુલાના પ્રાંત અધિકારીશ્રીએ પરચુરણ કેસ નં. ૨/૨૦૧૫ તા.૨૦-૦૮-૨૦૧૫ થી કોઇપણ પ્રકારની દખલગીરી ન કરવા મનાઇ હુકમ આપેલ છે આમ છતા જો તમારા તરફથી સીટીસર્વે નં.૨૨૫૬ અન્વયે કોઇ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તો અમો તમારા સામે સીટીસર્વે નં.૩૮૮૧/૨ તથા ૪૨૦૬ સબંધે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે. તમોએ ન્યુઝ પેપરમાં નોટીસ પ્રસિધ્ધ કરેલ જેથી અમારી આબરૂને ઠેસ પહોંચેલ અને અમારી લાગણી અને અમારી આબરૂને બટો લગાડેલ છે અને અમોને માનસિક ત્રાસ આપેલ છે. તમારી સામે માનહાનીનો કેસ શું કામ દાખલ ન કરવો ? તો આ જવાબ વાંચીને તા.૨૩-૦૪-૨૦૨૩ ની નોટીસ પરત ખેંચી લેશો તેવી અપેક્ષા સહ.

તારીખ : ૭-૦૪-૨૦૨૪
મો.નં.૯૮૨૪૯ ૨૭૮૨૨

સહી : એલ.ડી.રાજ્યગુરૂ
લાભશંકર દિનકરરાય રાજ્યગુરૂ
ઠે.રાણીમા ફલેટ, ગાયત્રીનગર ચોક, પહેલા માળે,
બ્લોક નં.૧૦૨, મહુવા, જી.ભાવનગર - ૩૬૪૨૯૦


જય ઉમિયા માતાજી | ૐ નમો નારાયણ | જય નાગનાથ મહાદેવ | 94281 90118
ઉમિયા ફેશન
એક જ ભાવ | સાઇઝ S TO 5XL
ઉનાળામાં પણ ઠંડકનો અહેસાસ ઉમિયાનું ઉનાળુ કલેક્શન છે ખાસ....
કેપ્રી | જીન્સ | કોટન ટ્રેકપેન્ટ
શોર્ટસ | નાઇટવેર | કોલર પોકેટ - ટી શર્ટ
બરમુડા | સેન્ડો ટી-શર્ટ | ફુલ/હાફ સ્લીવ ટી-શર્ટ
(જોકી, કાંચીરો, કીલવીલ, બ્લેક વાઇન, પ્લેયર્સ, હકુયો)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઇલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર +પાસીંગ: ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ +PUC: પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારો શુભ
Hero GIFT Grand Indian Festival of Trust





Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાવર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૯૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz





MGA મધુવન ગોલ્ડ આર્ટ
શુભ મંગલ ને વધાવે, "મધુવન" હર નારી ને દીપાવે
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન ● રેલ્વે બુકિંગ ● ફલાઇટ બુકિંગ ● વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

રજી.સે.શ.૩૬૭૫૨ | ॥ સત્યમેવ જયતે ॥ | ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
● બાયપાસ બ્રાન્ચ ● સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
● બાબરા બ્રાન્ચ ● સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
● ધારી બ્રાન્ચ ● રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

